સુવિચાર

''સમયસરનો એક સાંધો ભવિષ્યની મોટી તિરાડમાંથી બચાવી લે છે.''

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૨/૧૧/૨૦૨૬, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૩ કારતક સુદ-૧૩ વર્ષ : ૧૭ અંક : ૨૮૫

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (લાઠીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

રાજકીય પક્ષોએ તેમના કાર્યાલયોને આલીશાન બનાવતાં પહેલા સરકારી શાળાઓ અને દવાખાનાઓને આધુનિક બનાવવા જોઈએ

દેશની હજારો સરકારી શાળાઓ અને દવાખાનાઓ જર્જરિત હાલતમાં જોવા મળી રહ્યા છે

રાજકીય પક્ષો શિક્ષણ અને આરોગ્યની સુવિધા વધારવાનાં વચન સાથે સત્તારૂઢ થાય પછી બધુ જ ભૂલી જાય છે

દેશનાં વિકાસ માટે શાળા અને દવાખાનાને આધુનિક બનાવવા જરૂરી છે

દેશનાં દરેક નાગરિકોને શિક્ષણ અને આરોગ્ય સુવિધા નિઃશુલ્ક અથવા રાહતદરે મળવી જોઈએ



પ્રતિકાત્મક તસ્વીર





અમરેલી, તા. ૨૧

ભારત દેશને વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે માત્ર ભાષણબાજી નહી ચાલે, તેના માટે નકકર આયોજન, સંપૂર્ણનિષ્ઠા અને દેશ દાઝહોવી જરૂરી છે અને દેશને વિકસિત બનાવવા માટેનું સૌ પ્રથમ પગલું છે શ્રેષ્ઠ અને આધુનિક શિક્ષણની સુવિધા અને તે પણ નિઃશુલ્ક અને બીજુ પગલું છે વિશ્વકક્ષાની આરોગ્ય સેવા. જયાં સુધી શિક્ષણ અને આરોગ્ય સેવા મજબુત ન થાય ત્યાં સુધી દેશને વિકસિત કરવો અસંભવ છે.

તાજેતરમાં એક રીપોર્ટ જાહેર થયેલ જેમાં દેશમાં ૧ લાખ જેટલી પ્રાથમિક શાળાઓ બંધ કરવામાં આવી હોવાનું જણાવેલ. હવે, દેશમાં સરકારી શાળાઓ નવી બનવાને બદલે જે છે તે પણ બંધ થતી હોય તો દેશનો વિકાસ કેવી રીતે શકય બનશે.

અમરેલી જિલ્લામાં એક સમયે ગૌરવવંતી ગણાતી કમાણી ફોરવર્ડ હાઈસ્કૂલ, જીજીબેન ગર્લ્સ હાઈસ્કૂલ, નૂતન હાઈસ્કુલ તેમજ કે.કે. પારેખ કોમર્સ કોલેજ, કમાણી આર્ટસ અને સાયન્સ કોલજેમાં આજે શિક્ષણની હાલત દયનીય બની છે. કોલેજોનું ખાનગીકરણ કરી દેવામાં આવ્યું છે.

અમરેલીનાં પનોતા પુત્ર અને રાજયનાં પ્રથમ મુખ્યમંત્રી ડો. જીવરાજ મહેતાએ આજથી ૬૫ વર્ષ

અનુસંધાન પાના ૬ ઉપર

ધારીથી અમરેલી રોડ પર જંગલનાં રાજાની રાત્રિના ચોકીદારી

મોરઝર ગામે રાત્રિનાં અંધકારમાં ડાલામથ્થા સિંહની લટાર કેમેરામાં કેદ

વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતાં પશુપાલકોમાં ફફડાટ



અમરેલી, તા. ૨૧

અમરેલી જિલ્લાના ધારી પંથકમાં સિંહોનો સૌથી વધુ વસવાટ છે. આ એશિયાટિક સિંહોની હવે માનવ વસાહત તરફની અવરજવર વધી રહી હોવાના દ્રશ્યો સામે આવી રહ્યા છે. ધારીના અમરેલી રોડ પર આવેલા મોરઝર ગામે રાત્રિના સમયે જંગલના રાજા ડાલામથ્થા સિંહે જાણે ચોકીદારી સંભાળી હોય તેમ ગામના માર્ગ પર આંટાફેરા કર્યા હતા. રાત્રિના અંધકારમાં શાનથી લટાર મારતા સિંહનો વીડિયો મોબાઈલ કેમેરામાં કેદ થયો હતો, જે હાલ સોશ્યલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે.

અગાઉ આ જ વિસ્તારમાં સિંહણોની લટારના દશ્યો સોશ્યલ મીડિયામાં વાયરલ થયા હતા, ત્યારે હવે ડાલામથ્થા સિંહની લટાર સામે આવતા સ્થાનિકોમાં કુતૂહલની સાથે ચિંતાનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. ખાસ કરીને રાત્રિના સમયે સિંહની અવરજવરને પગલે પશુપાલકો અને ખેતરોમાં વસવાટ કરતા લોકોમાં ફફડાટ ફેલાયો છે.

ધારી અને આસપાસના ગ્રામ્ય વિસ્તારો ગીરના જંગલ વિસ્તારને અડીને આવેલા હોવાથી અહીં અવારનવાર સિંહોની અવરજવર જોવા મળે છે. જો કે, શિકારની શોધમાં જંગલની બહાર માનવ વસાહત નજીક સિંહોના આંટાફેરા થવાના બનાવો સ્થાનિકો માટે ચિંતાનો વિષય બની રહ્યા છે. રાત્રિના સમયે પશુધનને ખુલ્લામાં રાખતા પશુપાલકોમાં પણ

અનુસંધાન પાના ૬ ઉપર

ખાંભા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી

રાજુલા તાલુકા ભાજપ સોશ્યલ મીડિયાનાં ઈન્ચાર્જ વિક્રમ સાંખટ સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાતા ચકચાર

મહિલાને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી દુષ્કર્મ આચર્યાનો આક્ષેપ



ખાંભા, તા. ૨૧

ખાંભા પોલીસ સ્ટેશનમાં એક મહિલાની ફરિયાદનાં આધારે વાવેરા ગામના વિક્રમ સાંખટ નામના ઈસમ વિરૂધ્ધ દુષ્કર્મ, છેડતી, ધમકી અને બદનામી કરવા સહિતની વિવિધ કલમ હેઠળ ગંભીર કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસ ફરિયાદ મુજબ, ભોગ બનનાર મહિલાનો આરોપી સાથે આશરે ત્રણ વર્ષ પહેલાં પરિચય થયો હતો. ત્યારબાદ આરોપીએ એક ગામે સમૂહ લગ્નમાં લઈ જવાનાં બહાને મહિલાને વાવેરા ગામે પોતાના ઘરે બોલાવી હતી જયા વહેલી સવારે મહિલા વોશરૂમમાં જતી હતી ત્યારે પાછળથી આવી તેની મરજી વિરૂધ્ધ શારીરિક અડપલાં કર્યા હતા અને ફોટા પાડી તેને વાયરલ કરવાની ધમકી આપી હતી ત્યારબાદ એક વર્ષ પહેલાં આરોપી રાત્રિનાં સમયે મહિલાનાં પિયર ગામે પહોંચ્યો હતો. પોતે પોલીસ સાથે આવ્યો હોવાનું કહી ઘરમાં ગેરકાયદેસર પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ મહિલાને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી તેની મરજી વિરૂધ્ધ બળજબરીથી દુષ્કર્મ આચર્યું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

આ કેસમા આટલું જ નહીં, આ અંગે કોઈને જાણ કરશે તો બદનામ કરવાની અને મહિલાનાં પુત્રને મારી નાખવાની ધમકી પણ આપી હતી. આરોપી અવારનવાર ફોન કરીને મહિલાને વાત કરવા દબાણ કરતો હતો અને વાત નહીં કરે તો દવા પી

અનુસંધાન પાના ૬ ઉપર

રાજુલા તાલુકા મીડિયા ઈન્ચાર્જની જવાબદારી ખેંચી લેવાઈ

જિલ્લા ભાજપ પ્રમુખે દુષ્કર્મ કેસનાં આરોપીને પક્ષમાંથી સસ્પેન્ડ કરી દીધા

નૈતિકતાનાં ધોરણે પક્ષ દ્વારા આકરી કાર્યવાહી

અમરેલી, તા. ૨૧

રાજુલા તાલુકા ભાજપનાં મીડિયા ઈન્ચાર્જ વિક્રમ સાંખટ વિરૂધ્ધ દુષ્કર્મની ફરિયાદ નોંધાતાં જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણીએ તેઓને પક્ષમાંથી સસ્પેન્ડ કરી દીધા છે.



Aikyam
એકયમ ન્યુરો સાઈકિયાટ્રી હોસ્પિટલ
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ..
ડૉ. વિવેક જોષી M.B.(Psy) D.P.M., F.I.P.S.,M.I.A.P.P.
કન્સલ્ટીંગ ન્યુરો સાઈકિયાટ્રીસ્ટ
મગજ, માનસિક રોગો,જાતિય નબળાઈ તથા વ્યસન મુકિતનાં નિષ્ણાંત..
:: લક્ષણો ::
ઉદાસી રોગ, મરવાના વિચાર આવવા, વિચારવાયુ, વહેમ, શંકા, મંદબુધ્ધિ બાળકોની સારવાર
ચિંતા - ટેન્શન, માથાનો દુઃખાવો, જાતિય રોગો, વ્યસનમુકિત : દારૂ,બીડી, તમાકુ, કાલા
સ્થળ : પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
Mo.9737028181 | Ph.02792-224224
મગજના ગ્રાફ (E.E.G.) ની સુવિધા ઉપલબ્ધ...

Krishna DINING HALL

કિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : કિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

નામ નોંધાવવા માટે
(૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૬૪૩૪
ડોકટર હાઉસ અમરેલી
કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D)
ડો. આર.ડી. ઘોડાસરા (M.S)
ડો. રૂચિતા જેઠવા (M.D)
ડો. દ્રષ્ટિ પંડયા (બીપીટી ફીજીયોથેરાપીસ્ટ)
અનંતા હોસ્પિટલ, નિકોલ-અમદાવાદ-કાયમી કન્સલ્ટન્ટ
ડો. ઉત્સવ ઉનડકટ (ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ) મો. ૮૧૬૭૩ ૬૧૫૬૬
ડો. કોમલ વ્યાસ ઉનડકટ (ડી.એન.બી. - ગાયનેક, ઈન્ફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ) મો. ૬૬૧૩૬ ૪૮૪૩૦



રૂપિયા ૨૫ લાખનો મુદ્દામાલ ઝડપાયો

ઉના : ગીરગઢડાની માલણ નદીમાંથી સ્પેશ્યલ ઓપરેશન ગ્રૂપે રેતી ચોરી ઝડપી લીધી

3 રેતી ભરેલા ટ્રેક્ટર અને એક જેસીબી કબ્જે

ઉના, તા. ૨૧

ગીરગઢડા તાલુકાના નાના સમઢિયાળા ગામે આવેલી માલણ નદી માંથી રોયલ્ટી વિના રેતીનું ગેરકાયદે ખનન અને વહન થતું હોવાની બાતમીના આધારે ગીર સોમનાથ જિલ્લા એસઓજી પોલીસે મોટી કાર્યવાહી કરી છે.

પોલીસે રેતી ભરેલા ત્રણ ટ્રેક્ટર અને એક જેસીબી સહિત અંદાજે રૂા. ૨૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ખાણ–ખનિજ વિભાગને જાણ કરી હતી.

એસઓજીના ઈન્ચાર્જ પીઆઈ આર.આર. રાયજાદાની સૂચનાથી પોલીસ ટીમ ગીરગઢડા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. દરમિયાન પાણખાણ ગામના ફાટક પાસે બાતમી મળતાં તપાસ હાથ ધરવામાં આવી હતી. જ્યાં રેતી ભરેલી બે ટ્રોલી સાથે બે ટ્રેક્ટર મળી આવ્યાં હતાં. ત્યારબાદ નાના સમઢિયાળા ગામની માલણ નદીમાં તપાસ કરતાં વધુ એક રેતી ભરેલું ટ્રેક્ટર અને રેતી કાઢવા માટે ઉપયોગમાં લેવાતું જેસીબી મળીઆવ્યું હતું. વાહન ચાલકો પાસે રેતીની રોયલ્ટી અને ખનન અંગેના આધાર માગતાં તેઓ કોઈ પુરાવા રજૂ કરી શકયા નહોતા. જેથી એસઓજીએ ચારેય વાહનો કબજે કરી ખાણ–ખનિજ વિભાગને સોંપ્યાં હતાં.



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

જાગૃત નાગરિકની રજૂઆતો છતાં સ્થાનિક તંત્રની કામગીરી સામે સવાલો.

આ સમગ્ર ખનિજ ચોરી મામલે પાતાપૂર ગામના એક જાગૃત નાગરિક દ્વારા ગેરકાયદે ખનિજ ચોરી અંગે મામલતદાર અને ખાણ–ખનિજ વિભાગને અનેક વખત રજૂઆતો કરવામાં આવી હોવાની વિગતો સામે આવી છે. તેમ છતાં અસરકારક કાર્યવાહી ન થતી હોવાની રજૂઆત છે. મામલતદાર અને રજૂઆત કરતા યુવક વચ્ચેની વાતચીતનું રેકોર્ડિંગ પણ સોશિયલ મીડિયામાં વાયરલ થયું હતું.

ખાણ–ખનિજ વિભાગની રેડ પહેલાં જ માફિયાઓને જાણ થઈ જતી હોવાની ચર્ચા

સ્થાનિક સ્તરે એવી પણ ચર્ચા છે કે ખાણ–ખનિજ વિભાગની ટીમ તપાસ માટે પહોંચે તે પહેલાં જ ખનન સાથે સંકળાયેલા લોકો પોતાના વાહનો અને મશીનરી હટાવી નાસી છૂટે છે. આધારભૂત સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, વોટ્સએપ કોલના માધ્યમથી ખનન માફિયાઓને અગાઉથી જાણ કરવામાં આવતી હોવાની ચર્ચા છે.

નોંધનીય છે કે અગાઉ પાણખાણ ગામે ખનીજ માફિયાઓ દ્વારા ખનિજ ચોરી રોકવા ગયેલા અધિકારીઓ પર હુમલો પણ કરવામાં આવ્યો હતો. ત્યારે હવે એસઓજીની કાર્યવાહી બાદ સવાલ એ ઊભો થયો છે કે જાગૃત નાગરિકની વારંવારની રજૂઆતો છતાં કાર્યવાહી કેમ ન થઈ ? ખાણ–ખનિજ વિભાગની કામગીરીની માહિતી લીક થતી હોવાની ચર્ચામાં કેટલી સચ્ચાઈ છે ? સમગ્ર મામલે ઉચ્ચ અધિકારીઓ નિષ્પક્ષ તપાસ કરી ગેરકાયદે ખનનના નેટવર્ક અને જવાબદાર તંત્ર સામે કાર્યવાહી કરે તેવી ગ્રામજનો દ્વારા માંગ ઊઠી રહી છે.

કાર લઈને જતાં હોય બાઈક સવાર સાથે માથાકુટ થતા

ઉના : તાલાલાનાં રમરેચી ગામનાં ઉપસરપંચનાં પુત્ર ઉપર ૭ થી ૮ શખ્સોએ કર્યો હુમલો

સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૨૧

તાલાલા તાલુકાનાં રમરેચી ગામમાં વાહનને સાઈડ આપવા જેવી સામાન્ય બાબતે શરૂ થયેલી બોલાચાલી બાદ મારામારીની ઘટના સામે આવી છે. ગામના ઉપસરપંચ રમેશભાઈ અઘેરાનાં પુત્ર રવિરાજ ઉર્ફે રવિ અઘેરા અને તેમના ભાઈ મિલન પર ૭થી ૮ શખ્સોએ હુમલો કર્યો હોવાની તાલાલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

ફરિયાદ મુજબ, તા. ૨૦ નવેમ્બરનાં રોજ રવિરાજ અને તેમના ભાઈ રાજકોટથી હ્યુન્ડાઈ વરના કારમાં રમરેચી ગામે આવી રહ્યા હતા. સાંગોદ્રા રેલ્વે ફાટક પાસે નંબર પ્લેટ વગરની મોટર સાઈકલ પર આવેલા શખ્સ સાથે સાઈડ આપવા બાબતે બોલાચાલી થઈ હતી. ત્યારબાદ બોરવાવ ફાટક પાસે પણ મોટર સાઈકલ ચાલકે કાર રોકવાનો પ્રયાસ કર્યો હતો.

જોકે, રવિરાજ કાર લઈને આગળ નીકળી ગયા હતા. પરંતુ સાંજે સાડા સાત વાગ્યાનાં અરસામાં રમરેચી ગામની પંચાયત કચેરી પાસે પહોંચતા મોટર સાઈકલ ચાલકે ફરી કાર રોકાવી હતી. આ દરમિયાન આગળ અને પાછળ બે ફોરવ્હીલર આવી ગઈ હતી. બંને કાર અને મોટર સાઈકલમાં આવેલા ૭થી ૮ શખ્સોએ રવિરાજ અને તેમના ભાઈ મિલનને ગાળો આપી ઢીકાપાટુનો માર માર્યો હતો. આ દરમિયાન રવિરાજનાં માથાનાં ભાગે કાચ વડે ઈજા પહોંચાડવામાં આવી હતી.

ગામનાં લોકો એકત્રિત થતાં હુમલાખોરો જોઈ લેવાની ધમકી આપી વાહનો સાથે ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત રવિરાજને તેમના કાકા સારવાર માટે તાલાલા સરકારી હોસ્પિટલ લઈ ગયા હતા. ફરિયાદમાં હુમલા દરમિયાન રવિરાજનો સોનાનો ચેન પણ પડી ગયો હોવાનું જણાવાયું છે.

આ મામલે પીપળવા ગામના મિલન પટાટ સહિત સાતથી આઠ અજાણ્યા શખ્સો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૫(૨), ૧૧૮(૧), ૧૮૯(૨), ૧૯૧(૨), ૩૫૨ અને ૩૫૧(૨) હેઠળ તાલાલા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. સામાન્ય બોલાચાલી બાદ ગામમાં પહોંચી હુમલો કરવાની ઘટનાથી પંથકમાં ચકચાર મચી છે.

જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને

અમરેલી ખાતે જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ

સાંસદ, ધારાસભ્યો સહિતનાં જનપ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા

અમરેલી, તા. ૨૧

અમરેલી જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને તેમજ સાંસદ ભરતભાઈ સુતરીયા, જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબહેન ચોડવડિયા, ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, સામાજિક ન્યાય સમિતિ જિલ્લા પંચાયતના ચેરમેન ડેનીભાઈ પરમારની પ્રેરક ઉપસ્થિતિમાં અમરેલી જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતીની બેઠક યોજાઈ હતી.

સાંસદના પેન્ડિંગ પ્રશ્ન જાફરાબાદ તાલુકાના લોઠપુર ગામે સિંચાઈની કેનાલનું સમારકામ અને પાણી છોડવા અંગે રજૂઆત કરવામાં આવી હતી. સિંચાઈ રાજય હસ્તકની આ કેનાલનું સમારકામ થઈ ગયું છે. જેથી આગામી સમયમાંતેમાં સિંચાઈ માટે પાણી છોડવાની સરળતા રહેશે. બેઠકમાં રાજુલા–જાફરાબાદના ધારાસભ્યનાએ રોડ રસ્તા, પર્યાવરણ જતન, નેશનલ હાઈવે સંલગ્ન ગામના સર્વિસ રોડના પ્રશ્નો, પીજીવીસીએએલ જાતિના દાખલા અને આવકના દાખલા માટેની વધુ સુવિધા સહિતના પ્રશ્નો રજૂ કર્યા હતા. કલેકટરે આ અંગે અધિકારીઓને ખાતમુહૂર્ત થયેલા માર્ગોના કામ સત્વરે અને સમય મર્યાદામાં થાય તે સુનિશ્ચિત કરવાની સૂચના આપી હતી. જાતિના દાખલા અને આવકના દાખલા માટે આગામી દિવસોમાં તાલુકા કક્ષાએ સ્થાનિક ઓપરેટર ફાળવવા માટે જિલ્લા કલેકટરએ આયોજન કરવા માટે સૂચના આપી હતી. આ ઉપરાંત ધારાસભ્યની



રજૂઆતના પગલે તલાટીમંત્રીઓ, ગ્રામ સેવકોને સમયપત્રક મુજબ ગામ વાઈઝ હાજર રહેવાની વ્યવસ્થા કરવામાં આવશે.

ધારાસભ્ય સાવરકુંડલા–લીલીયા મહેશભાઈ કસવાલા અને જિલ્લા પંચાયતના પ્રમુખ દક્ષા બહેન ચોડવડિયાની અગાઉની રજૂઆત અંતર્ગત સીમરણ વાડી ખાતે એક્સપ્રેસ બસને સ્ટોપેજ આપવામાં આવ્યું છે. જયારે સાવરકુંડલા શહેરમાં એલ.પી.જી એજન્ટના અનિયમિત વિતરણના પગલે એજન્સીને બંધ કરવાની પ્રક્રિયા કરવામાં આવી છે. આ ઉપરાંત હાલ સાવરકુંડલા શહેરના એલ.પી.જી સપ્લાય માટે બે એજન્સીમાં શહેરનાકનેકશન વર્ધેચી અને સપ્લાય પૂરો પાડવામાં આવશે.

બેઠકમાં વાસ્મોની 'પાણી વેરા પ્રોત્સાહન યોજના' હેઠળ અમરેલી જિલ્લા પંચાયતને રાજય સરકાર તરફથી પ્રાપ્ત રૂ. ૩૪.૫૪ લાખનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. એન્ટીબાયોટીક દવાઓના ડોકટરના પ્રિસ્ક્રીપ્શન વગર ઉપયોગ ન કરવા અંગેના પદાધિકારીઓ અને અધિકારીઓ એ શપથ લેવામાં આવ્યા હતા.

આ બેઠકમાં ઈન્ચાર્જ જિલ્લા પોલીસ અધિક્ષક જયવીર ગઢવી, નિવાસી અધિક કલેકટર એ.એ. ડોડિયા, નાયબ વનસંરક્ષક સામાજિક વનીકરણ ભારાઈ, સુપર ન્યૂમરરી આસિસ્ટન્ટ કલેકટર હર્ષિતા ગોયલ, અમરેલીના પ્રાંત અધિકારી જાડેજા, સાવરકુંડલાના પ્રાંત અધિકારી ઝીલ પટેલ, રાજુલાના પ્રાંત અધિકારી અક્ષર વ્યાસ, લાઠીના પ્રાંત અધિકારી પારસ ચેહાણ, ધારીના પ્રાંત અધિકારી અર્પણ ચાવડા, જિલ્લા પુરવઠા અધિકારી કુંભાણી સહિત વિવિધ કચેરીઓના વડાઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર બેઠકનું સંચાલન નિવાસી અધિક કલેકટર એ.એ. ડોડિયાએ કર્યુ હતું.

શોભાયાત્રાથી રાજમાર્ગો પર સર્જાયો ભક્તિમય માહોલ

અમરેલીમાં મહાત્મા મૂળદાસજીની જન્મજયંતીની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી

ચેતન સમાધિ ખાતે દર્શન અને પૂજન માટે મોટી સંખ્યામાં ભાવિકો ઉમટયા



અમરેલી, તા. ૨૧

અમરેલી શહેરમાં સંત પરંપરા, કરૂણા અને સેવા ભાવનાના પ્રતીક એવા મહાત્મા મૂળદાસજીની ઉપરમી જન્મ જયંતિ નિમિત્તે ભકિતભાવ અને ધામધૂમપૂર્વક ઉજવણી સમસ્ત લુહારસમાજ દ્વારા કરવામાં આવી હતી. આ પાવન અવસરે લુહાર સમાજ દ્વારા ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શોભાયાત્રા શહેરના રાજમાર્ગો પરથી પસાર થયેલી આ શોભાયાત્રામાં મોટી સંખ્યામાં સમાજના આગેવાનો, લોકો અને ભાવિક ભક્તો જોડાયા હતા. શોભાયાત્રાના પગલે સમગ્ર શહેરમાં ધાર્મિક અને ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો.

બીજી તરફ, અમરેલીમાં આવેલી મહાત્મા મૂળદાસજીની ચેતન સમાધિ ખાતે દર્શન અને પૂજન માટે વહેલી સવારથી જ ભાવિકોની અવરજવર શરૂ થઈ ગઈ હતી. મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ સમાધિ ખાતે શીશ ઝુકાવી ધન્યતા અનુભવી હતી. ભક્તોની આસ્થાના કેન્દ્ર સમાન સમાધિ સ્થળે સમગ્ર દિવસ દરમિયાન ભક્તિમય વાતાવરણ છવાયેલું રહ્યું હતું.

મહાત્મા મૂળદાસજીએ અમરેલીને પોતાની કર્મભૂમિ બનાવી હતી. તેમણે અહીં આશ્રમની સ્થાપના કરી લાંબા સમય સુધી નિવાસ કર્યો હતો. તેમનું સમગ્ર જીવન કરૂણા, પરોપકાર, માનવતા અને સેવા ભાવનાની પ્રેરણાદાયી ગાથા સમાન રહ્યું છે. તેમના જીવન સાથે જોડાયેલા અનેક પ્રસંગો આજે પણ અમરેલીની લોકસ્મૃતિમાં જીવંત છે.

આ ઐતિહાસિક પ્રસંગ સાથે સંકળાયેલો કૃતજ્ઞતાનો ભાવ આજે પણ અમરેલીવાસીઓના હૃદયમાં જીવંત છે. મહાત્મા મૂળદાસજીનું જીવન અને તેમના સેવાકાર્યોની સ્મૃતિ નવી પેઢીને પણ કઢણા, પરોપકાર અને માનવતાના માર્ગે ચાલવાની પ્રેરણા આપે છે.

મહાત્મા મૂળદાસજીની ચેતન સમાધિ આજે પણ શ્રદ્ધાળુઓ માટે આસ્થાનું પવિત્ર કેન્દ્ર બની રહી છે. જન્મ જયંતિ નિમિત્તે યોજાયેલા સરસ્વતી સન્માન સમારોહ, મહાપ્રસાદ જેવા વિવિધ ધાર્મિક કાર્યક્રમો અને ભવ્ય શોભાયાત્રા દ્વારા સમસ્ત લુહાર સમાજના લોકોએ મહાત્મા મૂળદાસજીના જીવન, ત્યાગ, કરૂણા અને માનવસેવાના આદર્શોને યાદ કરી હતી.

અમરેલીનાં સેવાભાવી યુવા અશોક હનુભા વાળાનો આજે જન્મદિવસ

અમરેલી, તા. ૨૧

અમરેલી : કાઠી ક્ષત્રિય સમાજનાં યુવા અગ્રણી અને હિન્દુ સમાજનાં વિવિધ તહેવારોની ઉજવણી જરૂરિયાતમંદ પરિવારો તથા બાળકો સાથે કરીને માનવતાની અનોખી મિસાલ ઊભી કરનાર અશોકભાઈ હનુભા વાળાનો આજે જન્મદિવસ છે.

તેઓએ હંમેશાં સમાજની એકતા, યુવાનોની સંગઠિત શકિત અને માનવસેવાને પ્રાથમિકતા આપી છે. તહેવારોની સાચી ખુશી જરૂરિયાતમંદ પરિવારો અને બાળકોના ચહેરા પર સ્મિત લાવવામાં છે, તેવા વિચાર સાથે તેઓ વર્ષોથી સેવાકીય પ્રવૃત્તિઓમાં સક્રિય રહ્યા છે.

શકિત ગ્રૂપ સેવાયજ્ઞનાં માધ્યમથી ભોજન, નાસ્તો, મીઠાઈ વિતરણ, શૈક્ષણિક કીટ સહિતનાં વિવિધ સેવાકાર્યો દ્વારા જરૂરિયાતમંદ લોકો સુધી સહાય પહોંચાડવામાં તેમનું યોગદાન રહ્યું છે.

સાથે જ કાઠી ક્ષત્રિય સમાજનાં યુવાનોને એક મંચ પર લાવી સમાજનું સંગઠન મજબૂત બનાવવું, નવી યુવા ટીમને પ્રોત્સાહન આપવું અને હિન્દુ સમાજની સામાજિક એકતા માટે સતત પ્રયત્નશીલ રહેવું તેમની કાર્યશૈલીની વિશેષતા છે.



તેઓની આગવી ઓળખ માત્ર સમાજનાં યુવા અગ્રણી તરીકે જ નહીં, પરંતુ જરૂરિયાતમંદ લોકોની વચ્ચે રહી સેવા, સહકાર અને માનવતાનો સંદેશ આપતા યુવા ચહેરા તરીકે ઊભરી આવી છે.

જન્મદિવસ નિમિત્તે તેઓને પરિવારજનો, મિત્રો, સમાજનાં આગેવાનો, યુવા મિત્રો તથા શુભેચ્છકો તરફથી મો. ૮૪૮૮૮૫૮૫૮૮ ઉપર શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે.

ધારાસભ્ય અને જિલ્લા પંચાયતના સદસ્ય દ્વારા

લાઠીનાં વીરપુર ગામે નવા બનેલ પંચાયત ભવનનું લોકાર્પણ કરવામાં આવ્યું

ગ્રામજનોમાં આનંદ અને ઉત્સાહનો માહોલ



લાઠી, તા. ૨૧

લાઠી તાલુકાના ખાનપર ગામે પંચાયત ભવનનું લોકાર્પણ ધારાસભ્ય જનકભાઈ તળાવીયા તેમજ જીલ્લા પંચાયતના સદસ્ય સંજયભાઈ તારપરાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. ગામના વહીવટી કાર્યોને વધુ સુવ્યવસ્થિત અને સરળ બનાવવા તેમજ ગ્રામજનોને પંચાયતલક્ષી સેવાઓ સ્થાનિક સ્તરે જ સરળતાથી મળી રહે તે દિશામાં નવા પંચાયત ભવનનું નિર્માણ મહત્વપૂર્ણ સાબિત થશે.

નવા પંચાયત ભવનના લોકાર્પણ પ્રસંગે ધારાસભ્યએ જણાવ્યું હતું કે, ગામડાઓનો સર્વાંગી અને સુવિધાસભર વિકાસ એ સરકારની વિકાસયાત્રાનું મહત્વનું અંગ છે. ગ્રામ્ય વિસ્તારોમાં રોડ, પાણી, શિક્ષણ, આરોગ્ય, પંચાયત ભવન સહિતની માળખાકીય સુવિધાઓને સતત મજબૂત બનાવવામાં આવી રહી છે. ગામના વિકાસ સાથે ગ્રામજનોને સરકારી યોજનાઓ અને વહીવટી સેવાઓ સરળ તાથી મળી રહે તે માટે સુવિધાયુક્ત પંચાયત ભવન પણ ખૂબ જ જરૂરી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વિરપુર ગામના વિકાસ માટે સ્થાનિક આગેવાનો, ગ્રામ પંચાયત અને ગ્રામજનો દ્વારા કરવામાં આવતી રજૂઆતોને પ્રાથમિકતા આપી વિકાસના કામોને આગળ ધપાવવામાં આવશે. સરકારની વિકાસલક્ષી યોજનાઓનો લાભ ગામના છેવાડાના વ્યકિત સુધી પહોંચે અને દરેક ગામમાં જરૂરી પાયાની સુવિધાઓ ઉપલબ્ધ બને તે માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

નવું પંચાયત ભવન ગ્રામ પંચાયતના વહીવટી કાર્યો માટે મહત્વપૂર્ણ કેન્દ્ર બનશે. ગ્રામજનોને વિવિધ સરકારી યોજનાઓ, પંચાયત સંબંધિત કામગીરી તેમજ જરૂરી વહીવટી સેવાઓ માટે વધુ સુવિધા મળી રહેશે. જેના કારણે ગ્રામજનોનો સમય અને મહેનત બંને બચશે અને ગામના વહીવટમાં વધુ કાર્યક્ષમતા આવશે.

આ પ્રસંગે જિલ્લા પંચાયતના સદસ્ય, તાલુકા પંચાયતના સદસ્યો, ગામના સરપંચ, ગામના આગેવાનો, ભાજપના કાર્યકર્તાઓ તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ નવા પંચાયત ભવન બદલ ગ્રામજનોને શુભેચ્છાઓ પાઠવી હતી.

લોકાર્પણ પ્રસંગે ગ્રામજનોમાં પણ આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. ગ્રામજનો દ્વારા નવા પંચાયત ભવનની સુવિધા ઉપલબ્ધ કરાવવા બદલ ધારાસભ્ય તેમજ સરકારનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. વિરપુર ગામના વિકાસમાં ઉમેરાયેલું આ નવું પંચાયત ભવન ગ્રામ વિકાસને વધુ ગતિ આપશે અને ગ્રામજનોને વધુ સુવિધા યુકત તથા પારદર્શક વહીવટી સેવાઓ પૂરી પાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. રાજય સરકારના 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસના સંકલ્પ સાથે ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસકાર્યોને સતત આગળ ધપાવવાની પ્રતિબદ્ધતા આ પ્રસંગે વધુ એક વખત ઉજાગર થઈ હતી.

શ્રી જડેશ્વર મહાદેવ મંદિરે

કુંકાવાવના નવા વાઘણીયા ખાતે તુલસી વિવાહ મહોત્સવ યોજાયો

સંતો–મહંતો અને ભાવિકજનો જોડાયા



અમરેલી, તા. ૨૧

કુકાવાવ તાલુકાના નવા વાઘણીયા ગામના શ્રી જડેશ્વર મહાદેવ મંદિરે ૨૧ નવેમ્બરના રોજ દેવ ઉઠી એકાદશી ના દીવસે તુલસી વિવાહનુ આયોજન મહંત શ્રી ૧૦૮ સુખરામદાસ બાપુ તેમજ કમલદાસ બાપુ દ્વારા કરવામાં આવ્યું હતું.

શ્રી જડેશ્વર મહાદેવ મંદીરે તુલસી વિવાહ મહોત્સવમાં તુલસી માતાજી તેમજ ભગવાન શાલીગ્રામના યજમાનો એવા તુલસી માતાજીના યજમાન નીતાબેન તેમજ કેશિકભાઈ કવૈયા ગામ (જસદણ) તેમજ બીજા તુલસી માતાજીના યજમાન ગીતાબેન તેમજ રાજેશભાઈ ઠુમર ગામ (કોલડા) અને ભગવાન શાલીગ્રામ ના યજમાન (નવા વાઘણીયા) થી રાજીબેન તેમજ રવજીભાઈ સાનિયા અને ગામ (અમદાવાદ)થી ભગવાન શાલીગ્રામ ના યજમાન ઈલાબેન રાજેશભાઈ ડોડીયા ખાસ યજમાની કરી હતી.

નવા વાઘણીયાના શ્રી જડેશ્વર મહાદેવ મંદિરના સાનિધ્યમાં તુલસી વિવાહ મહોત્સવમાંભવ્ય થી ભવ્ય બ્લડ ડોનેશનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.શ્રી જડેશ્વર મહાદેવ મંદિર (નવા વાઘણિયા) ખાતે શ્રી તુલસીજી અને શ્રી શાલિગ્રામજીના પવિત્ર વિવાહ મહોત્સવ નિમિત્તે ભવ્ય ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતુ.

આ તુલસી વિવામાં મહામંડલેશ્વર રોકડીયા બાપુ તેમજ રામાયણી મહંત નિર્મોહી દાસજી તેમજ રાજકીય મહાનુભાવો પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પવિત્ર તુલસી વિવાહ મહોત્સવ કારતક સુદ–૧૧, તા. ૨૧ નવેમ્બર ૨૦૨૬, શનિવારના રોજ શ્રદ્ધા અને ભકિતભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.આ મહોત્સવનું આયોજન જડેશ્વર મંદીરના મહંત સુખરામદાસબાપુ તથા મહંત કમલદાસબાપુના આશીર્વાદ અને માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતુ.

ભગવાન શ્રી તુલસીજી અને શ્રી શાલિગ્રામજીના શુભ વિવાહ પ્રસંગે ભાવિ ભક્તોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.મહોત્સવ અંતર્ગત તા. ૧૮ નવેમ્બર, ગુરૂવારના રોજ રૂડા લગ્ન ગીતનો કાર્યક્રમ સાંજે ૬:૦૦ કલાકે યોજાયો હતો. ત્યારબાદ તા. ૨૦ નવેમ્બર, શુક્રવારના રોજ સવારે ૬:૩૦ કલાકે મંડપ મુહૂર્ત, સવારે ૧૧:૦૦ કલાકે સંત ભોજન તથા રાત્રે ૮:૦૦ કલાકે રાસ–ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૨૧ નવેમ્બર, શનિવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે હસ્ત મેળાપ અને બપોરે ૧૧:૦૦ કલાકે ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રી જડેશ્વર મહાદેવ મંદીરના સાનીધ્યમાં મોટી સંખ્યામાં ભાવી ભક્તોએ મહાપ્રસાદ લીધો હતો. આ ધાર્મિક મહોત્સવમાં સંતો–મહંતો, મહામંડલેશ્વરો, વિવિધ ધાર્મિક સંપ્રદાયોના સંતો, રાજકીય મહાનુભાવો દાતાઓ તેમજ આસપાસના ગામોના ભાવિક ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ધર્મલાભ લીધો હતો.પવિત્ર તુલસી વિવાહમાં પધારેલા સાધુ સંતો તેમજ રાજકીય મહાનુભાવોનું શ્રી જડેશ્વર મહાદેવ મંદિરના મહંત સુખરામદાસ બાપુ તેમજ કમલદાસ બાપુ દ્વારા સાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું.

આ સમગ્ર મહોત્સવને સફળ બનાવવા માટે આયોજકો દ્વારા સુંદર વ્યવસ્થાઓ કરવામાં આવી હતી, તેમ મનોજ જોષીની યાદીમા જણાવેલ.

ધારી : ભાજપનાં અગ્રણી શાંતીલાલ પરમારનાં સુપુત્ર ચિ. ડો. રૌમીલ લગ્નગ્રંથીથી જોડાશે



ધારી, તા. ૨૧

ધારી ભાજપનાં અગ્રણી શાંતીલાલ પરમારઅને ઉષ્માબહેન પરમારના લાડકા સુપુત્ર ચિ. ડો. રૌમીલ આગામી ૨૬ નવેમ્બરનાં રોજ લગ્નગ્રંથીથી જોડાશે નવદંપતીનો સત્કાર સમારોહ ૨૭ નવેમ્બરનાં રોજ સાંજે ૬ કલાકે ધ લેકવ્યુ રીસોર્ટ, આંબરડી રોડ,ધારી ખાતે યોજાશે જેમાં આમંત્રિતોને ઉપસ્થિત રહી નવદંપતીને આશીર્વાદ પાઠવવા પરમાર પરિવારે અનુરોધ કરેલ છે.

મતદાર યાદીમાં નામ નોંધણી, નામમાં સુધારો તથા અન્ય વિગતોમાં ફેરફાર માટે નાગરિકોને તક મળશે

અમરેલી જિલ્લામાં ૨૭ નવેમ્બરથી મતદાર યાદી સુધારણા કાર્યક્રમ શરૂ

જિલ્લામાં સમાવિષ્ટ ૧,૩૯૫ મતદાન મથકો ખાતે બુથ લેવલ અધિકારીઓ ઉપસ્થિત રહેશે

સવારનાં ૧૦થી સાંજનાં ૫ સુધી અધિકારીઓ મતદાર યાદીમાં સુધારણા કરશે

વધુ માહિતી માટે નાગરિકો ભારતનાં ચૂંટણી પંચનાં મતદાર હેલ્પલાઈન નંબર ૧૯૫૦ પર સંપર્ક કરી શકાશે

જિલ્લામાં વધુમાં વધુ યુવા નાગરિકો મતદાર યાદીમાં નોંધણી કરાવે : જિલ્લા કલેક્ટર

અમરેલી, તા. ૨૧

ભારતના ચૂંટણી પંચ દ્વારા તા. ૦૧/૦૧/૨૦૨૭ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ–૨૦૨૭ જાહેર કરવામાં આવ્યો છે. જે અંતર્ગત અમરેલી જિલ્લામાં તા. ૨૭ નવેમ્બર (શુક્રવાર), ૨૦૨૬ થી તા. ૨૬ ડિસેમ્બર, ૨૦૨૬ (શનિવાર) દરમિયાન ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ યોજાશે.

આ કાર્યક્રમ અંતર્ગત લાયકાત ધરાવતા નાગરિકો મતદારયાદીમાં પોતાના નામની નોંધણી કરાવી શકશે. જ્યારે મતદારયાદીમાં નામ ધરાવતા મતદારો પોતાની વિગતોમાં જરૂરી સુધારા પણ કરાવી શકશે.

આ ઉપરાંત તા. ૨૯ નવેમ્બર, ૨૦૨૬ (રવિવાર), તા. ૦૬ ડિસેમ્બર, ૨૦૨૬ (રવિવાર) અને તા. ૧૩ ડિસેમ્બર, ૨૦૨૬ (રવિવાર)ના રોજ ખાસ ઝુંબેશના દિવસો યોજવામાં આવશે. આ દિવસોએ જિલ્લામાં સમાવિષ્ટ ૧,૩૯૫ મતદાન મથકો ખાતે બુથ લેવલ અધિકારીઓ સવારે ૧૦:૦૦ કલાકથી સાંજે ૦૫:૦૦ કલાક સુધી ઉપસ્થિત રહી મતદારયાદીમાં નામ નોંધણી, સુધારા તથા કમી માટેના ફોર્મ સ્વીકારશે.

ભારતના ચૂંટણી પંચ દ્વારા નિયત કરવામાં આવેલા વિવિધ પ્લેટફોર્મ મારફતે નાગરિકો ઓનલાઈન ફોર્મ ભરી શકશે. જેમાં નીચેના માધ્યમોનો સમાવેશ થાય છે. Helpline Mobile App (Android/iOS), https://voterportal.eci.gov.in/, BLO App (BLO મારફત), ECINET App મારફતે પણ કરી શકાશે.

વધુ માહિતી માટે નાગરિકો ભારતના ચૂંટણી પંચના મતદાર હેલ્પલાઈન નંબર ૧૯૫૦ પર સંપર્ક કરીને માર્ગદર્શન મેળવી શકશે. જિલ્લાના વધુમાં વધુ યુવા નાગરિકો મતદારયાદીમાં પોતાના નામની નોંધણી કરાવે તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર, અમરેલી દ્વારા અપીલ કરવામાં આવી છે.

ભાજપ સંગઠનને વધુ મજબુત બનાવવા

બાબરા શહેર ભાજપ મહિલા મોરચાનાં પ્રમુખ પદની જવાબદારી નીતાબેન સુચકને સોંપાઈ

મહામંત્રી પદે સોનલબેન મહેતા અને શિલ્પાબેન સિંધવ







બાબરા, તા. ૨૧

ભારતીય જનતા પાર્ટી દ્વારા સંગઠનને વધુ મજબૂત અને સક્રિય બનાવવાના ભાગરૂપે બાબરા શહેર ભાજપ મહિલા મોરચાની નવી નિમણૂકો કરવામાં આવી છે. જેમાં શહેર મહિલા મોરચાનાં પ્રમુખ તરીકે નીતાબેન દીપકભાઈ સૂચકની વરણી કરવામાં આવી છે. જ્યારે શહેર ભાજપ મહિલા મોરચાનાં મહામંત્રી તરીકે સોનલબેન વિરેન્દ્રભાઈ મહેતા અને શિલ્પાબેન દીપકભાઈ સિંધવની વરણી જિલ્લા ભાજપ દ્વારા કરવામાં આવી છે.

આ નવી નિમણૂકોને આવકારતાં બાબરા શહેર ભાજપ પ્રમુખ, મહામંત્રીઓ, નગરપાલિકા પ્રમુખ સહિતનાં સ્થાનિક ભાજપનાં અગ્રણીઓ દ્વારા નવ નિયુક્ત મહિલા પ્રમુખ તથા બંને મહામંત્રીઓને શુભેચ્છાઓ પાઠવી અભિનંદન આપવામાં આવ્યાં હતાં.

આ તકે અગ્રણીઓએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે નવી ટીમ પક્ષની વિચારધારાને વધુમાં વધુ લોકો સુધી પહોંચાડવા તેમજ મહિલા સંગઠનને વધુ મજબૂત બનાવવા સક્રિય કામગીરી કરશે.

કુંકાવાવ : અનીડા ગામે જીણાભાઈ કણસાગરાની જન્મજયંતીની ઉજવણી



કુંકાવાવા, તા. ૨૧

અનીડા ગામના ઘડતર અને સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર જીણાભાઈ કણસાગરાની જન્મજયંતી નિમિત્તે ગામમાં ભાવભર્યો સ્મરણ કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે ગામની વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ, આગેવાનો અને ગ્રામજનોએ જીણાભાઈ કણસાગરાની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરી ભાવાંજલિ અર્પણ કરી હતી. ઉપસ્થિત સેએ તેમના જીવનકાર્યો અને ગામના વિકાસમાં આપેલા યોગદાનને યાદ કરી તેમને ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

જીણાભાઈ કણસાગરાએ અનીડા ગામના ભૌતિક, શૈક્ષણિક, સામાજિક અને સાંસ્કૃતિક વિકાસ માટે કરેલા કાર્યોને યાદ કરી ગ્રામજનોએ તેમના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. આ કાર્યક્રમમાં ગામના આગેવાનો, વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

જીણાભાઈ કણસાગરાના સેવાકાર્યો અને આદર્શો અનીડા ગામને હંમેશાં પ્રેરણા આપતા રહેશે.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ૬૬૮–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે. કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

ટ્રસ્ટ, NGO, સ્કુલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશનરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્પીટલ, સ્કુલવગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12B, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વિગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વિગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપવામાં આવશે
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ–૯૪૨૮૩ ૪૦૯૩૪

૧૬ માં વર્ષમાં મંગલ પ્રવેશ
સિકયુરીટી કોન્ટ્રાકટ માટે મળો
(ગવર્નમેન્ટ એપ્રુવ્ડ)
• ઈવેન્ટ સિકયુરીટી • વેડીંગ પાર્ટી • પરમેનેન્ટ સિકયુરીટી
• સેલીબ્રીટી પ્રોટેકશન • લેડીઝ-જેન્ટસ બાઉન્સર • ફિલ્મસેટ સિકયુરીટી
• એકિઝબીશન સિકયુરીટી • ગનમેન સિકયુરીટી • ઈન્ડસ્ટ્રિયલ સિકયુરીટી
• ડિપ્લોમેટરી સિકયુરીટી • પાર્કિંગ ફોર્સ સિકયુરીટી
રઘુવિર સિકયુરીટી એજન્સી–અમરેલી
સંપર્ક : ૯૧૦૬૦ ૧૫૦૬૧/૯૪૨૬૩ ૧૩૦૪૧
હેડ ઓફિસ : બેઝમેન્ટલ ગિરનાર કોમ્પલેક્ષ, લાઈબ્રેરી રોડ, અમરેલી ૩૬૫ ૬૦૧ (ઓલ ગુજરાત પ્રોવાઈડીંગ)

આદુ-મરચાથી ભરપુર
સ્પે. વાટીદાળના ખમણ
તેમજ સ્પે. નાયલોન ખમણ મળશે
દાનગીગેવ ખમણ હાઉસ
અમરેલીનાં જુનાને જાણીતા (સાનુભાઈ ખમણવાળા)
સ્ટેશન રોડ, લક્ષ્મીનારાયણ મંદિરની સામે, અવધ ડેરી ફાર્મની બાજુમાં, અમરેલી
મો. ૯૬૨૫૪ ૨૫૨૩૧ ■ મો. ૯૪૨૮૭ ૬૪૦૪૧

Jaydeep Rayththa
Mo. 98980 52364
PRIME PROPERTY
Sell • Purchase • Lease
Commercial • Residential • Plotting
Member of
RPCA
NATIONAL ASSOCIATION OF REALTORS - INDIA
413, Star Plaza, Phulchhab Chowk, Rajkot
+91 98980 52364 / 93770 03636
Jaydeep Rayththa1983@Gmail.Com

સાંભળવાની તકલીફ છે ?
• નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
• જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
• વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
સરકારી નોકરીયાત / પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

Shine 100 DX
કયે તમને મળી જશે માત્ર ને માત્ર
₹ 76,278/-
On Road Price
કોઈ વધારાનો ચાર્જ નહીં
પરીખ હોન્ડા
બાબરા • બગસરા • કુકાવાવ • ધારી • વડીયા • દામનગર

શુદ્ધ, સાત્વિક, ગુજરાતી થાળી,
ઘર જેવું જમવા માટે આજે જ અમારો સંપર્ક કરો.
"મહાદેવ કેટરિંગ એન્ડ ટિફિન સર્વિસ"
બપોર નું મેનુ:- રુ. ૮૦/-
૧- શાક, ૪- ફુલકા રોટલી, દાળ-ભાત, સંભારો, પાપડ.
રાતનું મેનુ:- રુ. ૮૦/-
૧- શાક, ૨- ભાખરી, ખીચડી, રાયતાં મરચાં, ગોળ.
એકસ્ટ્રા આઈટમ:-
શાક - ૩૦/- | રોટલી - ૫/- | રોટલા - ૨૫/- | ભાખરી - ૧૫/- | થેપલાં - ૧૦/- | દાળ-ભાત - ૩૫/-
ટિફિન ડિલિવરી ફ્રી
મનોજ જોષી મો. ૭૬૯૦૦૫૦૮૮૦
અંજના જોષી મો. ૮૭૫૮૦૦૮૨૮૭
બેસતા વર્ષના દિવસે માટલા ઉંધીયું મળશે
આપને ત્યાં આવતાં શુભપ્રસંગે ઓર્ડર પણ કરી આપીશું.
રોટલી, રોટલા, ભાખરી, થેપલાં, પણ ઓર્ડર ઉપર બનાવી આપીશું.

MARUTI SUZUKI ARENA
CELEBRATE NEW YEAR WITH AMAZING PRICES.
DZIRE
Happy New Year 2026
₹6.26 LAKH*
Also Available in S-CNG
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
Alpha Autolink
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

શિવ
ફરસાણ
(ઘારીવાળા)
સ્પે.નારાયલોન ખમણ
ખમણ હાજરમાં મશળે.
ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે,લીલીયા રોડ,અમરેલી.

FLEX YOUR RIDE WITH HYBRID POWER
NEW Fascino 125 Fi HYBRID
EFFICIENT AND POWERFUL 125CC Fi ENGINE
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, ચામાહા શો–રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

Hero
ALL NEW HF Deluxe
A PERFECT BLEND OF POWER, STYLE & MILEAGE
CASH DISCOUNT ₹3000
POWERED BY TRUST. BUILT FOR INDIA.
BOOK NOW
VISIT YOUR NEAREST HERO DEALERSHIP TODAY!
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254

સન્ડે સ્વીટ્સ

અમરેલી એકસપ્રેસ

4

તા.૨૨–૧૧–૨૦૨૬

પ્રકરણ–૩૦૯ –૧૯૮૭

પ્રિય વાચક મિત્રો,

ગત સપ્તાહ માં, નુતન વર્ષ, ભાઈ બીજ, અને લાભ પાચમના તહેવારો આવી ગયા છે. વિક્રમ સંવંત ૨૦૮૩ ની આપ સર્વે વાચક મિત્રોને શુભ કામનાઓ. નવું વર્ષ તમામ ભારતીયને આરોગ્ય, અને સુખ અને શાંતિની સાથે સમૃદ્ધિ આપે તે જ શુભ કામના.

વિદેશની ધરતીનું આકર્ષણ ભારતીયોમાં આઝાદી બાદ થી છે, જે આજેપણ યથાવત છે. વિદેશનું વધુ આકર્ષણનું કારણ છે, વિદેશી ધન મુદ્રા. કોઈપણ સમૃદ્ધ દેશ, અમેરિકા કે યુરોપની ધન મુદ્રા ભારતીય ધન મુદ્રા કરતાં કીમતી છે. એટલે ભારતીયો ધન વધુ કમાવવા માટે વિદેશ જવાનો આગ્રહ રાખતા હોય છે. બીજું કારણ છે, જે તે વિદેશમાં ચોખ્ખાઈ સારી જોવા મળે છે, કારણ કે જે તે દેશની સરકારે ગંદકી ફેલાવવાની સામે કડક કાયદાની અમલ વારી કરે છે, અને સાથે જે તે દેશના નાગરિકો પણ ચોખ્ખાઈ રાખવામાં કોઈ કસર બાકી રાખતા નથી. ભારતમાં સ્વછતા અભિયાન ચાલે છે, પણ સફળ નથી, તેમાં મોટા ભાગે ભ્રષ્ટાચાર જવાબદાર છે, અને સાથે ભારતીય જનતાની ઘોર બેદરકારી પણ મુખ્ય ફાળો છે. ફ્રાંસ એક એવો જ સુખી અને સ્વચ્છ દેશ ૧૯૮૭ ની ફિલ્મમાં દેખાય છે. જો કે આજે ફ્રાંસની શાંત અને શિસ્ત પ્રિય જનતા રસ્તા પર મોંઘવારી, ભ્રષ્ટાચારની સામે જંગે ચડી છે. વિશ્વના ઘણા દેશોમાં આજે જનતા દ્વારા આંદોલનો થઈ રહ્યા છે. ભારત પણ તેમાં બાકાત નથી. ભારતમાં શાસક પક્ષ પણ રેલીઓ કરી રહી છે, અને વિરોધ પક્ષ પણ રેલીઓ કરી રહ્યું છે, પણ ભારતીયોના સાચા પ્રશ્નો, જેમ કે આરોગ્ય, મોંઘવારી, ભ્રષ્ટાચાર, શિક્ષણ, ગુંડા ગરદી, જેવા મુદ્દા આ ના બદલે કોઈના કોઈ રાજકીય નેતાના રાજીનામાં લેવા તે માટે

રાત કે હમસફર. થક કે ઘર કો ચલે, ઝૂમતી આ રહી હૈ સુબહ પ્યાર કી તેરા દિલ હૈ મેરા. મેરા દિલ હૈ તેરા. જબ સે હમને દિલ બદલે હૈ. સારા દીવાને કા નામ તો પૂછો. પ્યાર સે દેખો, કામ તો પૂછો. અરે ચાહે ફીર



આંદોલન થઈ રહ્યા છે. ભારતીય આ ની વેદના કોઈ પક્ષ સમજી શકતું નથી. તેમ છતા દેશ અને દુનિયામાં આ પ્રકારના આંદોલનો કોઈ નવું સમીકરણ રચે છે કે નહીં તે જ જોવા નું રહ્યું.

૧૯૮૦ ના દસકમાં હિન્દી સિનેમા માં વિદેશની ધરતી પરની ઘણી ફિલ્મો આવી, જેમ કે ઉલેખનીય ફિલ્મો માં , સંગમ , લવ ઈન ટોકયો, અમન, નાઈટ ઈન લંડન, અને જોહર ઈન હોંગકોંગ જેવી ફિલ્મોએ ધૂમ મચાવી હતી. શમ્મી કપૂરની હરણફાળ દોડ સાથે હરીફાઈ કરતાં જોય મુકર્જી અને વિશ્વ જિતની વિદેશની ધરતી પર ની ફિલ્મ પેહલા આવી ગઈ. જે સફળ પણ રહી. જોય ની લવ ઈન ટોકયો સુપર હિટ રહી. તો શમ્મી કપૂર આ બાબતે કેમ પાછળ રહે ?. શક્તિ સામંતની ફિલ્મ એન ઈવનિંગ ઈન પેરિસ ફિલ્મનું શૂટિંગ સમુર્ણ રીતે પેરિસમાં ત્યાં ની જાણીતી જગ્યા આ પર કરવા માં આવ્યું, અને બાકીનું શૂટિંગ સ્ટુડિયોમાં ભારતમાં થયું. ફિલ્મ ૧૯૮૫ના અંતથી શરૂ થઈ હતી જે ૧૯૮૭ માં પ્રદર્શિત થઈ. ફ્રાંસની રાજધાની પેરિસને કેપિટલ ઓફ હેવેન અને સિટિ ઓફ લવ પણ કેહવાય છે. ફ્રેંચ રિવેરા, ભૂમધ્ય સાગરના સમુદ્ર, સહિત એફિલ ટાવર અને ત્યાં ની લશ્કરની પરેડ પણ ફિલ્મમાં દર્શાવી છે, જાણે એવું લાગે કે આપણે પેરિસ ફરીને આવ્યા હોઈએ તેવી ફિલ્મ એટ્લે એન ઈવનિંગ ઈન પેરિસ.આ ફિલ્મનું બજેટ ૬૫ લાખ અને નફો ૧.૫૦ કરોડ નો થયો, અને ફિલ્મ વર્ષની આઠમા નંબરની સુપર હિટ ફિલ્મ રહી. ફિલ્મનું શૂટિંગ, પેરિસ, સ્વીઝરલેંડ, અને નાયગ્રા ધોધ પર કરવામાં આવ્યું હતું, જેથી ફિલ્મનું બજેટ વધી ગયું હતું. શમ્મી અને શક્તિ સામંત આ પેહલા પણ સાથે કામ કરી ચૂકયા હતા, છતા શક્તિ સાહેબને શમ્મીની અમુક બાબતના લીધે થોડું મનદુખ પણ થયું હતું. જેમ કે શમ્મી તેમની ફિલ્મોમાં અમુક દ્રશ્યોમાં ફેરફાર કરાવતા હતા. અને ગીતોના રેકોર્ડિંગ સમયે પણ તેઓ હાજર રેહતા હતા. ફિલ્મનું ગીત આસમાન સૌ આયા ફરીસ્તામાં શમ્મી તે ગીતનું શૂટિંગ થોડું ઊંચાઈ એ થી થાય તેવું ઈચ્છતા હતા, અને શક્તિ સાહેબે એક હેલિકોપ્ટરની વ્યવસ્થા કરી અને

ફિલ્મી સફર

(એક ઈતિહાસ)

હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬

ફિલ્મનું શૂટિંગ શમ્મીને હેલિકોપ્ટરની નીચે બેસી કરવાનું હતું.પણ શમ્મીને શક્તિ સાહેબ આટલી ઊંચાઈએ લઈ જશે તેની કલ્પના ના હતી. કારણ શમ્મીને વધુ ઊંચાઈથી ડર લાગતો હતો. પણ શમ્મીએ હિમંત કરી ગીતનું શૂટિંગ પૂર્ણ કર્યું. આ ગીતમાં શર્મિલાના બિકિની ડ્રેસના લીધે ચર્ચા આ થઈ, અને સમાજના અમુક લોકો એ આ દ્રશ્યોને વખોડી કાઢયા હતા. ફિલ્મમાં બિકિની પહેરીને આ પેહલા વૈજયંતી માલા સંગમમાં અને સાધના ફિલ્મ વક્તમાં દેખાયા જ હતા. અને હિન્દી સિનેમા માં તે પેહલા પણ નાયિકાના અંગ પ્રદર્શન થઈ ચૂકયા છે, પણ આ ફિલ્મ પેહલા શર્મિલાએ ફિલ્મફેરમાં બિકિનીમાં ફોટો આપ્યા હતા, જે મુખ્ય પેજ પર છપાયા હતા. અને ચર્ચા સ્પદ રહ્યા હતા. તેથી આ વાત ફિલ્મ સમયે વધુ ચર્ચા સ્પદ રહી હતી. ફિલ્મનું સંગીત શંકર જયકિશનનું અને ગીતશૈલેન્દ્ર, હસરત જઈપૂરીના હતા. ફિલ્મમાં રફી સાહેબ, આશાજી અને શારદાના સ્વરનો ઉપયોગ થયો હતો. લતાજીનું એકપણ ગીત આ ફિલ્મમાં નથી.

ફિલ્મના ગીતોમાં પેરિસ દિલ કહા મિલેગાં, આઓ તુમ કો દિખા લા તા હું એન ઈવનિંગ ઈન પેરિસમાં પેરિસના નયન રમણીય દ્રશ્યો, ત્યાંની યુવતીઓ, અને નાઈટના દ્રશ્યોનો સમાવેશ કરાયો છે. તો રફી સાહેબના સ્વરમાં દીવાને કા નામ તો પૂછો, પ્યાર સે દેખો, કામ તો પૂછો, અરે ચાહે ફીર ના મિલેના.. માં રફી સાહેબના સ્વરનો ઉચ્ચતમ ઉપયોગ થયો છે. આ ગીતમાં શર્મિલા દ્વારા કોકાકોલાની બોટલ હાથમાં રાખી જાહેરાત પણ કરવામાં આવે છે. બરફના પહાડોમાં અકેલે અકેલે કહા જા રહે હો, હમે સાથ લે લો જહાં જા રહે હો ... માં રફી સાહેબના અકેલે.. અકેલે.... માં અલગ જ અંદાઝ છે. રફી સાહેબના સ્વરમાં હોગા તુમ સે સામના ફીર તો માનોગે... અને આશાજીના ગીત જુબી જુબી જલેમ્બુ.. પણ યાદગાર ગીત છે. આસમાન સે આયા ફરીસ્તા ગીત ફિલ્મનું સૌથી વધુ પસંદ કરાયેલ ગીત છે. અને આશાજી સાથે રફી સાહેબનું ગીત રાત કે હમસફરથક કે ઘર કો ચલે, ઝૂમતી આ રહી હે સુબહ પ્યાર કી, દેખકર સામને રૂપ કી રોશની, ફીર ઉઠી જા રહી હે સુબહ પ્યાર કી,



શારદાના સ્વરમાં મેરા દિલ લે જા.. અને રફી સાહેબના સ્વરમાં મેરા દિલ હે તેરા, તેરા દિલ હે મેરા. જબ હમને દિલ બદલે હે, સારા જગ બદલા.. પણ યાદગાર છે. ફિલ્મના તમામ ગીત આજે પણ લોકપ્રિય ગીતોની યાદીમાં છે.ફિલ્મની કથા, સ્ક્રીન પ્લે સચિન ભૌમિકની હતી. ફિલ્મમાં શમ્મી કપૂર, શર્મિલા ટાગોર (ડબલ રોલ), રાજેન્દ્ર નાથ, સરિતા, ડેવિડ, સુરેન્દ્ર, શેટી, કે એન સિંગ, અને પ્રાણ સાહેબે કામ કર્યું હતું. ફિલ્મની કથા ટૂંકમાં જોઈએ તો, ફિલ્મનું સસ્પેન્સ દર્શકો માટે નથી, પણ કથાને અનુરૂપ છે. શર્મિલા એક ધનિક પિતા સુરેન્દ્રની પુત્રી છે, અને ભારતમાં પ્રેમમાં બેવફાઈનો સામનો કરી વિદેશ ફ્રાંસ જાય છે, ત્યાં તેની કંપનીના મેનેજર ડેવિડ અને સેવક રાજેન્દ્ર તેનું સ્વાગત કરે છે. (અહી જે વાચકો ૮૦ કે ૯૦ ના દસક ના છે, તેમને યાદ હશે કે તે સમયે ફિલ્મમાં કોઈ ભૂલ હોય તો વર્તમાન પત્રમાં એક કાલમમાં તે કહેવાતી હતી, જેમ કે અહી રાજેન્દ્રનાથ શર્મિલાનું સ્વાગત કરવા એર પોર્ટ જાય છે, ત્યારે તેના હાથમાં પીળા કલરના ફૂલોનો હાર છે, અને શર્મિલાનું સ્વાગત લાલ કલરના ફૂલોના હાર થી કરે છે. આવી નાની ભૂલો તે સમયે દર્શકો શોધી લેતા હતા. અને આસિસ્ટન્ટ નિર્દેશકનો વાંક કાઢતા હતા.) શર્મિલાની મુલાકાત પેરિસમાં શમ્મી સાથે થાય છે. શમ્મીને ખબર પડે છે કે શર્મિલા ભારતીય યુવકોને પ્રેમને લાયક સમજતી નથી, તેથી તેને પ્રેમ કોને કેહવાય તે બતાવવા માંગે છે, સાથે તે પણ શર્મિલાને પ્રેમ કરવા લાગે છે. શર્મિલાને તે વારંવાર પરેશાન કરે છે :, અને બન્ને વચ્ચે મીઠી રકઝક થતી રહે છે. ડેવિડનો પુત્ર પ્રાણ એક બદમાશ યુવક છે, તે અંધારી આલમના સિંગ પાસેથી કર્ઝ લઈ ચૂકયો છે, અને શર્મિલા સાથે લગ્ન કરી તેની દેલત દ્વારા આ કર્ઝ ચૂકવવા માંગે છે. શર્મિલા શમ્મીને પરેશાન કરવા પ્રાણ સાથે દોસ્તી કરે છે, પણ પ્રાણ તેને શરાબના નશામાં ડૂબાડી તેના પર દુષ્કર્મ કરવા માંગે છે, પણ શમ્મી શર્મિલાને બચાવી લે છે. આ ઘટના બાદ શમ્મી અને શર્મિલા વચ્ચે પ્રણય સંબંધ બંધાઈ જાય છે. પ્રાણને શોધતા સિંગ અને શેટી પ્રાણ જે શર્મિલા સાથે છે ત્યાં પહોચે છે, સિંગ શર્મિલાને જોઈ તેને સુઝી નામથી બોલાવે છે. પણ શર્મિલા તેનું અપમાન કરે છે. સિંગ પ્રાણને કહે છે, કે શર્મિલાને મળતી આવતી યુવતી તેની કલબમાં ડાન્સર છે, અને તેનું નામ સુઝી છે. સિંગ અને શેટી શર્મિલાનું અપહરણ કરવા માંગે છે અને તેના બદલામાં ૧૦ લાખ ડોલર તેના પિતા પાસેથી મેળવવાનો પ્લાન બનાવે છે.

બીજી તરફ પ્રાણ સુઝીને મળે છે, અને શર્મિલાના અપહરણ થયા બાદ સુઝીને ધનની લાલચ આપી શર્મિલાની જગ્યાએ ગોઠવી દે છે. શમ્મી શર્મિલાને બદલે સુઝીનો ફર્ક જલ્દી સમજી જાય છે, કારણ કે શર્મિલા એક આદર્શ ભારતીય યુવતી છે, અને સુઝી એક બિનદાસ્ત જીવન જીવતી યુવતી છે. તે અરસામાં શર્મિલાના પિતા પેરિસ આવે છે, અને સુઝીને જોઈ તેને બચપણમાં શેટી તેની બાળકીનું અપહરણ કરી ગયેલ તે યાદ આવે છે. અને તેને પુત્રી રૂપે સ્વીકાર કરે છે, સુઝી સુરેન્દ્રને પિતા સ્વીકારવા કે શર્મિલાને બહેન માનવા તૈયાર નથી. તે શમ્મી નો પ્રેમ માંગે છે, પણ શમ્મીની શર્મિલા પ્રત્યેની લાગણીઓ સમજી તેના દિલમાં પણ કૌટુંબિક ભાવના આ જન્મ લે છે. તે શેટીના પંઝામાંથી શર્મિલાને મુક્ત કરવા તૈયાર થાય છે. બીજી તરફ શેટી સુરેન્દ્ર પાસે રકમ માંગે છે. અને શમ્મી તે રકમ લઈ જવા નીકળે છે. પણ પ્રાણ શર્મિલાને મેળ વવા પેહલા સિંગ પાસે પહોચી સિંગની હત્યા કરે છે. બીજી તરફ શમ્મી શેટીને ઘાયલ કરી પોલીસના હવાલે કરે છે. સુઝી શર્મિલા બની, શર્મિલાને મુક્ત કરે છે, પણ પ્રાણ સુઝીને ઘાયલ કરે છે, અને શર્મિલાને લઈ ભાગે છે,પણ શમ્મી પ્રાણને મારી શર્મિલા ને પામે છે.

આવી સંગીત સાથે કાઇમ, થ્રીલરની આ ફિલ્મ સફળ રહી. આગામી અંકમાં સુનિલ દત અને નુતનની સંગીત મય સુપર હિટ ફિલ્મ સાથે મળીશું. નુતન વર્ષાભીનંદન સહ. હિતેશ જોશી.

શાંતિવન તરફ આનંદ યાત્રા

।। દુનિયા કા દુઃખડા દુર કરને વાલે, તેરે દુઃખ દુર કરેંગે મેરે રામ ।।

સુખી અને સાર્થક જીવનનું રહસ્ય



ડો. ધીરજકુમાર વ્યાસ

મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)

બગસરા

ફાનસ બની ઉભો છું.... ખુદ નીચે અંધારૂં છે.

વંદેહી અને વિવેક બગીચાની બહાર નિકળ્યા છે. વિવેકના હાથમાં એક પત્ર છે. પત્ર આપવા કહે છે" આપણી યાત્રા અહી પુરી થાય છે. સામે સ્ટેશનથી આગળ મારે જવાનું છે. એટલે એટલું જ કહું કે – 'કહના યા કહ દિયા સબ કછુ ન કિયા જાય" તમારા પ્રશ્નોનો જવાબ ન આપી શકયો, સાચો, સંતોષકારક કંઈ ન કહી શકયો તેનો અફસોસ છે. સાચુ કહું તો હું કોઈ જ્ઞાની કે હોશિંયાર વ્યકિત નથી. બુધ્ધિ અને વર્તનમાં સામાન્ય છું. માત્ર ને માત્ર સામાન્ય, વ્યકિત : વૈદેહી એક નજરે જોઈ રહી આંખમાંથી આંસુ ઘસી આવતા હતા. તે રોકીને કહયું ભગવાન બુધ્ધને આનંદે પ્રશ્ન કર્યો હતો. જીવનમાં દુઃખ કેમ છે ? તેનું કારણ શું ? બુધ્ધ ભગવાને જવાબ આપ્યો જન્મ – જન્મ ન હોત તો દુઃખ કયાંથી હોત ! વિવેક તમે માત્ર એક નિશાન ઉપર તીર ચલાવ્યા એકલવ્યે તીર થી કુતરાને ભસતો બંધ કરી દીધો... પણ.... વિવેક પાછો વળ્યો કહયું... વૈદેહી લગ્ન જરૂરી છે. લગ્ન ન કરો તો પ્રશ્નો નથી, તેવો જવાબ આપી શકું નહિ. પ્રત્યેક સંબંધોમાંથી ઘણું શીખવાનું મળે છે. પ્રેમ માટે કિંમત ચુકવવી પડે છે. પરંતુ પ્રેમ સમજદારી ભર્યો હોય. પ્રેમ અસીમ અને શ્રધ્ધાથી રંગાયેલો હોય તો જીવન વસંતઋતુ બની જાય છે. બાગ ખીલે છે. અધુર પવનો વાય છે. જીવનમાં ચિરકાળ આનંદ – ઉત્સવમાં મહેંકે છે. પ્રેમની હેલી અનરાધાર વરસે છે. આ માટે બન્ને પક્ષે આ સમજૂતી, વિશ્વાસ, વફાદાર ધીરજ હોવી જોઈએ. સુખ માટે પૈસો એક માત્ર ઈલાજ નથી. મહેલોમાં પણ ઘણી ગૃહિણીએ ચાવી દીધેલ પુતળીની જેમ રમકડા બની રહે છે. ઝુંપડીમાં પણ સુખ હોય છે. જિંદગીનો અર્થ સમજવા મનની તમામ બારીઓ ખુલ્લી રાખવી જોઈએ. બારીઓ જે પૂર્વગ્રહોની અહમની છે. તે બંધ રાખવાથી વ્યહારનો પ્રકાશ કયાંથી આવશે ? કોઈ પસંદગી ખોટી હોઈ શકે નહિ. પ્રભુની પ્રસાદી તરીકે નિર્ણયો સ્વીકારી સુખ અહીં જ છે. તે શોધવાનું છે. લાઈટ કરો. દીપ પ્રગટાવો તો દેખાશે લગ્નજીવનની એડજેસ્ટમેન્ટના અભાવ ૫૦ ટકા લગ્નો છુટાછેડામાં પરિણમે છે. તમારી સામે મારે કોઈ દલીલો નથી. નારાજગી પણ નથી. તમે સ્વતંત્ર છો ખરી છે અને શાશ્વત સમય માટે ખરી રહેવાની છે. લગ્નજીવન રોમાંચક જીવન યાત્રા છે. તદ્દન અચરિચિત વ્યકિત સાથેની યાત્રા સાહસ યાત્રા છે. પરંતુ બન્ને પાત્રો સમજુ, સંવેદનશીલ, ઉદાર અને ધીરજ રાખવાના ગુણ હોય તો સંકટો સામે તોફાનો સામે જીવનનૈયા ડૂબતી નથી.

ભગવાન શંકરનો અર્ધ નર–નારીશ્વરનો ફોટો જોવો છે ? શિવ–પાર્વતીને આદર્શ રાખવા જોઈએ. એક બીજાને સુખી કરવાના શપથ લેવા જોઈએ. એક બીજાને રાજી રાખવાની રમત રમવી જોઈએ. પૂર્ણ જીવનને પામવા સંસ્કાર અને ધર્મ પ્રમાણે દરેક સ્ત્રીએ પતિ માટે ગૌરવ હૃદયમાં પ્રેમની સ્થાપના કરવી જોઈએ. તે જ રીતે પુરૂષે સ્ત્રી માટે માન, સ્વમાન, સમર્પણ, પ્રેમ માટે સર્વસ્વ પ્રયત્ન કરવો જોઈએ. આ એક તપ અને સંયમનો માર્ગ છે. સાચા મિત્રો, સલાહકાર, કાળજી રાખવી પ્રેમની પણ અભિવ્યકિત કરવી જોઈએ, ઝીલર કે ઘંટ વાગે તો ખબર પડે મંદીર અહી છે. તેમ અભિવ્યકિત શબ્દોથી વર્તન થી કરવી જોઈએ. ભૂલ બતાવો પ્રેમથી, ઠપકો જરૂર આપો પણ પ્રેમથી, કટોકટી આવે તો બન્ને પુરા પ્રેમથી એક બની સામનો કરવો જોઈએ.

દરેક પ્રસંગોમાં સાથ સહકાર અદ્વૈતની અનુભૂતિનો અહેસાસ થવો જોઈએ કોઈપણ સંજોગોમાં તોફાનોમાં વાયરામાં એક બીજા સ્નેહ અને હુંફથી વાદળો વિખાય જશે. કાળજીથી બોલાયેલા શબ્દો એકપેકને ટકાવી રાખે છે. ગુડ મેરેજ કીએટેડ ડેઈલી. કજીયો થાય, વાદ, વિવાદ થાય તેવા પ્રસંગો બને એટલા ટાળવા સમાનતાનો યુગ છે. તેથી વિવેક, નમ્રતા સહનશીલતા ગુમાવવા નહિ. આ મારા અંતિમ શબ્દો નથી. તમને ઘણું કહી દીધું છે. ફાધર વાલેય આપણા પ્રિય લેખક છે. તેમની ડાયરીનું એક લખાણથી વાત પુરી કરૂ, માતા માટે ભારત છોડી માતાની સેવા કરવા ગયા હતા.

"હું મારા પૂ. બા ને તેમના ખૂણામાં જોઈને વિચાર કરૂ છું કે જયારે એમનો આત્મા છુટશે ત્યારે અને દેહ એવો જ રહેશે. પ્રસન્ન મુખ, બંધ આંખો, શાંતિનું સ્વરૂપ છે. એ... વાત્સલ્ય મૂર્તિ, હાથમાં માળા બેઠે ભગવાનનું નામ બે દીકરાઓના ધબકારા અંતિમ શ્વાસ સુધી સ્મરણમાં છાયા હશે. એ જાગી ન જાય તે માટે હું ઉભો છું. મંગળ છબી દિલમાં ઉતારતો રહીશ. એ મારા જીવનની મુડી બનશે. પાછલી અવસ્થામાં માતાને એકલતાનો અહેસાસ ન થાય તે માટે માતાની સેવા કરવા સાથે રહયા. દરેકે પતિ – પત્નીએ એકલાતા ન અનુભવે તે માટે વૃધ્ધોને પ્રેમ આપવો.

તુલસી વિવાહ : પ્રકૃતિ, પવિત્રતા અને પરંપરાનો અનોખો સંગમ

ભારતીય સંસ્કૃતિનો પ્રત્યેક તહેવાર માત્ર ધાર્મિક વિધિ કે ઉજવણી પૂરતો સીમિત નથી, પરંતુ તે પ્રકૃતિ, જીવનમૂલ્યો અને સામાજિક સંબંધોને જોડતો એક અદભુત સેતુ છે. કારતક સુદ અગિયારસ એટલે કે દેવઉઠી એકાદશીથી શરૂ થતા 'તુલસી વિવાહ' આ વાતનું ઉત્તમ અને જીવંત ઉદાહરણ છે. ચાર મહિનાના ચાતુર્માસના વિરામ બાદ જયારે ભગવાન વિષ્ણુ યોગનિદ્રામાંથી જાગે છે, ત્યારે સૌ પ્રથમ તુલસીજી સાથે તેમના વિવાહનો મંગળ ઉત્સવ ઉજવવામાં આવે છે. આ પર્વ આપણને રોજિંદા જીવનમાં પ્રકૃતિ પ્રત્યેનો આદર, નૈતિક મૂલ્યોનું સિંચન અને સંબંધોની ગરિમા જાળવવાનો ગહન સંદેશ આપે છે.

પ્રકૃતિ પૂજન અને પર્યાવરણ સંરક્ષણનો સર્વોત્તમ સંદેશ આજે જયારે સમગ્ર વિશ્વ પર્યાવરણની જાળવણી, પ્રદૂષણ અને ગ્લોબલ વોર્મિંગ જેવી ગંભીર સમસ્યાઓ સામે ઝઝૂમી રહ્યું છે, ત્યારે આપણા ઋષિમુનિઓ અને પૂર્વજોએ સદીઓ પહેલાં જ તુલસીના એક નાનકડા છોડને 'માતા' અને 'દેવી'નું બિરૂદ આપીને ઘરના આંગણે પૂજનીય સ્થાન આપ્યું હતું. આયુર્વેદ અને આધુનિક વિજ્ઞાન બંને સ્વીકારે છે કે તુલસી માત્ર એક એષધીય વનસ્પતિ નથી, તે અવિરત પ્રાણવાયુ આપનાર, હવાને શુદ્ધ કરનાર અને રોગપ્રતિકારક શક્તિ વધારનાર સંજીવની છે. જે ઘરના આંગણે

ડો. અમિતકુમાર રસિકલાલ મહેતા

અમરેલી મો. ૯૮૪૪૮ ૬૦૦૫૯

તુલસીનો કયારો હોય, ત્યાં સકારાત્મક ઊર્જાનો સંચાર થાય છે.



તુલસી વિવાહના માધ્યમથી આપણી સંસ્કૃતિ આપણને એ શીખવે છે કે વૃક્ષો અને વનસ્પતિ સાથે આપણે કેવળ ઉપયોગિતાનો નહીં, પરંતુ પરિવારના સભ્ય જેવો લાગણીશીલ અને આત્મીય સંબંધ કેળવવો જોઈએ. સમર્પણ, નિષ્ઠા અને નૈતિકતાનું પ્રતીક પૌરાણિક કથા અનુસાર, સતી વૃંદાના અતૂટ પતિવ્રત ધર્મ, તપ અને સમર્પણના ફળસ્વરૂપે ભગવાન વિષ્ણુએ તેમને વરદાન આપ્યું હતું કે તેઓ તુલસી સ્વરૂપે સદાય પૂજાશે અને શાલિગ્રામ સ્વરૂપે ભગવાન તેમની સાથે વિવાહ કરશે. વળી, ભગવાન વિષ્ણુના ભોગમાં પણ તુલસીદળ અનિવાર્યમાનવામાં આવે છે, જે દર્શાવે છે કે ભક્તિ અને સમર્પણ વિના કોઈ પણ અર્પણ અધૂરૂ છે. આ કથા આપણને શીખવે છે કે જીવનમાં નિષ્ઠા, ચારિત્ર્ય અને નિસ્વાર્થ સમર્પણનું સ્થાન હંમેશા સર્વોપરી રહે છે.

આજના યુગમાં દાંપત્ય અને સંબંધોની શીખ આજના ઝડપી, ડિજિટલ અને ભૌતિકવાદી યુગમાં જયાં સંબંધોમાં ધીરજ, સહનશીલતા અને સમર્પણ ઘટતા જાય છે, ત્યાં તુલસી વિવાહનો ઉત્સવ દાંપત્ય જીવનમાં પવિત્રતા, પરસ્પર સન્માન અને અતૂટ વિશ્વાસનું મહત્વ સમજાવે છે. લગ્નએ માત્ર બે વ્યક્તિઓનું મિલન નથી, પરંતુ બે પરિવારો, સંસ્કારો અને જવાબદારીઓનો સંગમ છે. તુલસીજીની જેમ સાદગી, સૌમ્યતા અને પરોપકારી સ્વભાવ અપનાવવાથી કોઈ પણ પરિવાર સ્વર્ગ સમાન બની શકે છે. આજની યુવા પેઢી માટે આ પર્વ એ સમજવાનો અવસર છે કે સાચું સુખ ભૌતિક વસ્તુઓમાં નહીં, પરંતુ સંબંધોની હુંફ અને નિષ્ઠામાં રહેલું છે.

સામાજિક એકતા અને સાંસ્કૃતિક ઉલ્લાસ દેવઉઠી અગિયારસ સાથે ચાતુર્માસની સમાપ્તિ થાય છે અને સમાજમાં શુભ કાર્યો, નવી શરૂઆત તથા લગ્નસરાની મોસમનો વિધિવત પ્રારંભ થાય છે. તુલસી વિવાહની ઉજવણી ઘર – પરિવાર, પાડોશીઓ અને સમગ્ર મહોલ્લાના લોકોને એકસાથે લાવે છે. શેરડીનો લીલોછમ મંડપ બાંધવો, આંગણામાં રંગબેરંગી રંગોળી પૂરવી, માટીના દીવડા પ્રગટાવવા, ફટાકડા ફોડવા અને સૌ સાથે મળીને પરંપરાગત મંગળ ગીતો ગાવા આ બધી પ્રવૃત્તિઓ આજના તણાવભર્યા જીવનમાં વ્યક્તિગત એકલતા દૂર કરીને સામાજિક સમરસતા, ઉમંગ અને આનંદનો માહોલ ઊભો કરે છે.જીવનમાં ઉતારવાનો સંકલ્પ આ તુલસી વિવાહના પાવન અવસરે, ચાલો આપણે માત્ર બાહ્ય વિધિ – વિધાન કે ઉજવણી પૂરતા સીમિત ન રહેતા, તેનો સાચો મર્મ જીવનમાં ઉતારીએ. ઘરના આંગણે કે બાલ્કનીમાં એક તુલસીનો છોડ વાવીને પર્યાવરણના જતનની નક્કર શરૂઆત કરીએ. સાથો સાથ, આપણા વિચારો, વાણી અને વ્યવહારમાં તુલસી જેવી જ પવિત્રતા, સુગંધ અને નિસ્વાર્થ સેવાભાવ જાળવી રાખવાનો સંકલ્પ કરીએ. જયારે આપણું આંગણું તુલસીથી અને આપણું હૃદય સદભાવનાથી મહેકતું રહેશે, ત્યારે જ સાચા અર્થમાં તુલસી વિવાહની ઉજવણી સાર્થક ગણાશે.

'સમજણ એ જ નારાયણ'

।। આ વર્ષે દીવો જ નહી, સાથે જાત પણ પ્રગટાવીએ..।।



યોગેશ ભટ્ટ

(બી.એ.એલ.એલ.બી)

મો. ૯૯૨૪૦૧૩૪૬૪ – અમરેલી

નવો આનંદ, ઉજાશ, આશા, અરમાનો અને ઉજવણીનું પંચામૃત લઈને એક નૂતન દીપાવલીના ઉંબરે આપણે સૌ ઉભાં છીએ ત્યારે જન માનસમાં સ્વાભાવિક જ અનેક ઉર્મિઓ, સંવેદનો ઉઠવાનાં જ ! આપણી ભારતીય સંસ્કૃતિમાં દરેક તહેવારોનું આગવું વિશેષ મહત્વ રહેલું છે. એમાં પણ વિક્રમ સંવંત વર્ષનો અંતિમ પડાવ એવો દિવાળીનો તહેવારતો સૌ કોઈની માટે આકર્ષણનું કેન્દ્ર રહયો છે, ચાલુ વર્ષની વિદાઈ અને નૂતન વર્ષને નવા અરમાનો સાથે વધારવાની અનેક આશાઓનો, અને સ્મૃતિઓનો સંગમ એવો આ મનભાવન તહેવાર અને તેની પ્રત્યેક ક્ષણો જનમાનસને ઝંકૃત કરે છે. પુલકિત કરે છે ! એકાદ મહિના અગાઉથી જ લોકો આ તહેવારને મનાવવા, વધારવાની તૈયારીઓમાં વ્યસ્ત થાય છે. ગામડાથી લઈને નગરો, શહેરોમાં સૌ પોતાનાં ઘર વ્યવસાય સ્થળોની સફાઈ, રંગરોગાન, સુશોભન, લાઈટ, ડેકોરેશન, તોરણ રંગોળી, રોશની, ફટાકડા, નવા વસ્ત્રોથી લઈને, નવા સ્વપ્નો સેવે છે. એજ તો આ તહેવારને વિશેષ બનાવે છે ! દીપોત્સવના, રોશનીનો આ તહેવાર માનવમનમાં અનેક નિત્યનૂતન આશાઓ અને અરમાનો જગાડે છે ! જે મળ્યું છે. તેને માણી લેવા માટે પ્રેરતો આ તહેવાર 'હ નવા વર્ષોમાં વધારે આશાવાદી બનવાનું જોમ ભરે છે. ! હકારાત્મકતાનો દોરી સંચાર કરે છે ! એટલે જ આપણાં ભાવજગત ઉપર સમાજ, અર્થતંત્ર, વ્યવહાર અને વ્યાપાર જગત ઉપર આ તહેવારોનું વિશેષ મહત્વ અને પ્રદાન રહયું છે, અમીર છાપ રહી છે.પરિવર્તન એ કુદરતનો નિયમ છે. આજે સંયુકત કુટુંબપ્રથાઓ તુટી રહી છે. પણ હજુ એક જ પરિવારમાં ત્રણ ત્રણ જનરેશનો સાથે રહેતી હોય, તો તેને સૌને આ તહેવાર અંગેનાં પોતાના સ્મરણો, અનુભવો અલગ – અલગ જોવા મળશે ! દરેકની દીપાવલી અલગ હોવાની જ ! આ નુભવો જ પરિવર્તનોથી વાકેફ કરે છે ! આપણે ત્યા કહેવત છે કે : 'મેં તારા કરતા વધારે દિવાળી જોઈ છે., તો જોક છે કે : 'ભલે મે દિવાળી તમારાથી ઓછી જોઈ હોય, પણ ફટાકડા વધારે ફોડયાં છે ! જનરેશન ગેપનો આ સાર છે. આપણે સૌ ધામધૂમથી હર્ષોલ્લાસથી આ તહેવારોને યથાશકિત મુજબ ઉજવીએ સાથે સાથે બદલાતાં સંજોગો, સ્થિતિઓ, સમીકરણો વ્યવસ્થાઓ ઋતુચક્રો અને તમામ સમસ્યાઓ અંગે પુરા સભાન બનીએ એ અર્થમાં એક દીવો ભીતર પણ પ્રગટાવીએ ! પ્રભુ આપણને એ સમજણ શકિત આપે એ જ પ્રાર્થના અને ભાવના સાથે સૌને હેપ્પી દિવાળી, નૂતન વર્ષાભિનંદન સાથે પ્રણામ....

॥ રામ સુનહું મુનિ કહ કર જોરી, કૃપાસિંધુ બિનતી કછુ મોરી ॥

પૂના તથા મુંબઈમાં વારંવાર બેલતા રહેતા,દેખો, શરીર પૂના યાં બમ્બઈમેં કહીં ભી છૂટે લેકિન અંતિમક્રિયા પુષ્કર રામધામમેં કરના. વૈષ્ણવદાસજી મહારાજજીને કહેતાં, ઈતિને સાધુઓમેં તુમ એક હી મેરે અંતિમ સેવા મેં સાથે રહે હૈ. અંતિમ ક્રિયા તુમ અપને હાથસે કરના,'' સુરેશ, ગોરધનભાઈ તેમજ રમેશભાઈને કહેતાં, તુમ તીનો ભાઈઓ મેસે એક ને એક તે મેરે પાસ રહા કરો. અંતમે એક તે હાજર રહના'' અને મને પણ કહેલું કે, રમા, તુમ ફિર રામધામમેં હી રહના.

(૯૪) નરગતિ ભગત કૃપાલ દિખાઈ

હું તે આ ઘટના વખતે ચોથા માળે મારા બ્લોકમાં હતી. રામ નવમી પર મહેમાને વધતા અમે ચોથા માળા પર આવી ગયેલા. બહાર – ગામ છેક ખબર પહોંચી ગયેલા ત્યારે ચાર વાગે મને ખબર પડતાં ઉપર ગઈ જેયું તે લાખેના આધાર સદાને માટે આંખ મીંચી ગયેલા. કેટલાયે લોકો કરૂણુ અવાજે રડતા હતા. હું આ બધુ એક નજરે જોયા કરતી હતી. જરાપણુ માનવામાં ન આવવાથી રડી પણ શકતી નહેતી. થોંડીવારે એક બહેને મને બોલાવીને ભગવાને છલ્લે લીધેલ હોર્લીકસની પ્રસાદી આપતા કહ્યું, રમુ, હવે પછી આપણને આ પ્રસાદી નહીં મળે. તે સાંભળતા રડી પડી અને જેમ દુઃખ જ ભેગા કરે છે તે રીતે ન બેલતી વ્યક્તિ પણ એકદમ ગળ લાગી રડવા લાગી. બસ આ કરૂણ ઘટનાનું વર્ણન શબ્દોમાં કઈ રીતે કરૂં ? એટલું જ કે ભગવાન કદી કોઈને આવા દિવસેનું દર્શન ન કરાવે. પ્લેનમાં લઈ જવા ભગવાનને એક પેટીમાં પધરાવવામાં આવેલા. સોમવારે બપોરના પ્લેનથી ભગવાનના આદેશ પ્રમાણે જયપુર લઈ જવામાં આવ્યા. સુરેશને ભગવાને કહ્યું હશે જેથી મારો સામાન તથા મને તે પોતાની ગાડીમાં એરપોર્ટ તેમ જ પ્લેનમાં ધ્યાન રાખી લઈ ગયેલો. જયપુર સાંજે પહોંચતા પ્રથમ ગલતાજી શ્રી પતિતપાવનજી ભગવાનને પ્રણામ કરવા માટે લઈ જવામાં આવ્યા. ભગવાને

॥ રામચરિત શતકોટિ અપારા, શ્રૃતિ શારદ્રા ન બરપૌ પારા ॥

કહેલું કે ગલતાજી પ્રણામ કરાકે બાદમે પુષ્કરમેં અંતિમ ક્રિયા કરના. ગલતાજીથી ગુજરાતી સમાજ ગાડી લઈ જવામાં આવી. પાછળ ભગવાનની પેટીની બંને બાજુ બરફની પાટ રાખવામાં આવેલી તેથી અમે ચાર બહેને અર્ધા તે તે પાટ પર બેઠેલા. રાત્રે લગભગ દેઢ બે વાગ્યે પુષ્કર પહોંચ્યા. ત્યાં ખૂબ જ ભીડ હતી. મેટા ભાગે ચારે બાજુથી ભકતે પહોંચી ગયેલા. મંગળ વારે સાંજે લગભગ ચાર વાગે બધાની અનુમતિથી ખૂબ જ દુઃખ પૂર્વક અંતિમ ક્રિયા કરવામાં આવી.

યહ સબ ભા ઈન્હ આંખિન આગે, તઉ ન તજા તનુ જીવ અભાગે.

મંગળવારે રાત્રે જ લગભગ બધા લોકો ચાલી ગયેલા. અમે થોંડા જણાં ત્યાં રહ્યા હતા. કલકત્તાવાળા શારદાબહેન, કિશનભાઈ તથા કુસુમ બહેન, નરેન્દ્રભાઈ શેઠ મને પોતાની સાથે અજમેર લઈ ગયા અને પરાણે પોતાની સાથે જમવા બેસાડી. પાછા


અહૈતુક કૃપા
પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ.ગુરૂદેવ)
સંપાદક : મહેન્દ્ર સી.જોષી
મો.૯૪૨૬૪ ૫૦૩૫૬ (નિવૃત કેળવી નિરીક્ષક)
સૌજન્ય: પ.પૂ.કુ.રમાબેન પુરૂષોતમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)

રાત્રે પુષ્કર મૂકી ગયા. જયપુરથી બાપુજી આવેલા તે પણ જતા રહેલા. હવે હું ત્યાં એકલી જ હતી. હવે તો માત્ર રડવા સિવાય કંઈ કામ હતું નહીં.

જો પૈ પ્રિય વિયોગ વિધિ કીન્હા, તો કસ મરણ ન માંગે દિન્હા, નિદહિં આપુ સરાહહિં મીના, ધિક જીવન રઘુવીર વિહીના.

''શ્યામ વિના વ્રજ સૂનું લાગે.....''

મનમાં એક જ વિચાર આવતા પ્રાર્થના ચાલતી કે, હે પ્રભુ ! હવે કયા સુખ માટે જીવવાનું છે ? બુધવારે તો થોંડા લોકો હતા તે પણ જતા રહ્યા. ગુરૂવારે વહેલી સવારે ચાર વાગે અંતિમ ક્રિયાના સ્થાન પર જઈને બેઠી બેઠી રડતી હતી. એક જ પ્રાર્થના

જો પ્રભુ દિનદયાલુ કહાવા, આરતિ હરણ વેદ અસ ગાવા તો મૈં વિનય કરહું કરજોરી, છૂટે બેગિ દેહ યહ મોરી.

તેટલામાં અવાજ આવ્યો. રમા, દેખો તૌ સહી, મૈં કહાં ગયા હું ? થોડીવારે લાગ્યું મારા મનની કલ્પનાઓં છે. નીચું જોઈ રડતી હતી. અવાજ આવ્યો, મેરે સામને તે દેખો. ઊંચુ જોતાં સાક્ષાત્ પ્રભુ ઊભા હતા. બાંય વિનાની સફેદ બંડી અને અચલો પહેરેલો. કહ્યું, દેખો ધૈર્ય રખો, મૈં હંમેશા તુમારે સાથ હું અબ ચાહે જિતના તુમ મેરે સાથ રહ સકતી હો.'' આટલું બોલતાં અદશ્ય થઈ ગયા. જાણે

॥ રામચરિત જે સુનત અધાહી, રસ વિરોષ જાના તિન નાહી ॥

નવું ચેતન આપી ગયા. રામભકત નહિ રહે અકેલા.'' ભાવિક જનોને જુદી જુદી રીતે પ્રસંગોપાત અનુભૂતિ થતી રહે છે. ધનુષધારી ભગવાન રામ લીલા પૂર્ણ કરી સ્વધામ પધાર્યા. શ્રી કૃષ્ણ ભગવાન સ્વધામ પધાર્યા. યુગે થયા છતાં કૃપાપાત્ર જીવાત્માઓને આજે પણ સતત સાંનિધ્ય અનુભવાય છે. તેથી જ મીરાંબાઈએ ગાયુ,

મેં ઐસે બર કે કે બરૂ, જો આજ જીયે કલ મર જાય; મૈં તો બરૂ મેરે ગિરધર કે, મેરે અમર ચૂડલે હો જાય.

એથી જ મીરાંબાઈ, નરસિંહ મહેતા, તુકારામજી, વિભીષણુજી તેમજ ગોપિયે વિગેરે જે જીવાત્માએં પ્રભુને પરણ્યા તેઓ સદા સહગણુ બની ગયા. શ્રી રામકૃષ્ણદેવ પરમહંસજીના દેહ ત્યાગ પછી શ્રી શારદા – મણિદેવીજીએ સોહાગના ચિન્હો કાયમ રાખેલા કારણ પરમાત્મા સ્વરૂપ સંત સાથેને અલૌકિક, આત્મ સંબંધ નિત્ય હોય છે. તેથી જ બાપુજીને ૧૯૬૨માં પત્રમાં લખ્યું હશે, અ. સૌ. કા પ્રયોગ તુમ્હરે પત્રોમેં ન આના ચાહિયે. યહ તો હૈ હી. કોઈ આજકા તે નહીં...

ત્યાર બાદ મને થોડી શાંત્વના અનુભવવા લાગ્યું. પછી નિત્ય નિયમમાં વધારે સમય આપતી રહેતી પરંતુ....જયારે કે ચાહનારા, અહીં જુલ્મ કરી જવાના; ત્યારે આ જિંદગીના, બધા દિવસે ફરી જવાના.

હવે મારા આ રીતના વર્તનથી સૌ પોત પોતાની શક્તિ, બુદ્ધિ, ભૂમિકા પ્રમાણે માપ–તોલ કરવા લાગ્યા. સતત સાંનિધ્ય અનુભવતા હું મારી મસ્તીમાં રહેતી હતી. તેના ઉલ્ટા અર્થો થતાં અને બીજાની જેમ ન અનુસરવાથી ઘણું વિરાધ સાથે આક્ષેપિં થવા લાગ્યા. ઈર્ષ્યા ભાવ પણ સાથે કામ કરતો હતો. મારા માટે જે બ્લેક ભગવાને પિતાની હાજરીમાં બનાવરાવેલે તેમાં હું રહેતી હતી. જે વ્યક્તિઓનું ત્યાં રહેવા બાબત ભગવાનની હાજરીમાં નામે પણ સાંભળેલું નહીં તેમાંના બે બહેનો મારી સાથે તે બ્લોકમાં રહેતા હતા અને એ રીતનું વર્તન હતું જાણે કે હું તેમની સાથે રહું છું. થોડું થોડું અયોગ્ય

॥ રામ અનંત ગુણાની જન્મ કર્મ અનંત નામાની ॥

વર્તન સહન કરી લેતી કારણ બીજી રીતે શાંતિ તેમ જ ઉત્સાહ મળે રહેતે હતો. મસ્તીને કારણે બાહરી વર્તનની અસર ઓછી થતી.

એક દિવસ ભગવાનને ભોગ લગાવતા હાથથી ભગવાનને પંખો કરતી પૂજામાં બેઠી હતી. તે જાણે અવાજ આવ્યો, સબ્જી મેં નમક હૈ હીં નહીં. મેં રસોઈ બનાવેલી નહીં. રીંગણનું શાક હતું. ભોગા લગાવ્યા બાદ ધીરજ ન રહેતાં તરત જ સહેજ ચાખી જેયું તે ખરેખર તેમાં મીઠું નહોતું. સોડામાં જઈ મારાથી આ બોલાઈ ગયું. પરિણામે તેના માટે પણ મનદુઃખ ઊભું થયું. એક બહેને વિચિત્ર વાત ઊભી કરી. રેંજ તે બંને બહેને સવારે દસથી સાંજે છ સુધી થેડે દૂર આવેલા તીજાબાઈ આશ્રમમાં જતા રહેતા. તેના બદલે આ પ્રસંગ પછી બીજા દિવસે એક બહેન આખે દિવસ ત્યાં જ રોંકાયા અને હું મારી પૂજામાં ભગવાન પાસે પાઠ તેમ જ જાપ કરતી બેઠી હતી. તેઓ રૂમમાં થોડે દૂર દિવાલને ટેકે લઈ બેઠા હતા. સાંજે તેઓ બીજા બહેનને કહી રડવા લાગ્યા કે આજે તે ભગવાનને અવાજ સંભળાયો કે કયા કરૂં ? પહલે વહ તુમારે બીચમેં આતી થી ઔર અબયે રમા દિનભર બૈઠી રહતી હૈ, આ સાંભળતા મને ખૂબ જ આશ્ચર્ય થયું. પોતે ચાહે તે પોતાના પૂજા સ્થાન પર બેસી શકે પરંતુ જીવ આટલી હદ સુધી આડંબર કરી શકે છે તે જાણવા મળ્યું.

જે કે પછી તે મેં અનુભવની કેઈ વાત કહેવાની જ બંધ કરી દીધી. પરંતુ ઈર્ષ્યાથી પજવણી વધતી ગઈ. ધીરે ધીરે નાની નાની બાબતમાં છિદ્રો શેધી હેરાન કરવાનું ચાલુ રહ્યું, જૂઠ લેના, જૂઠ દેના, જૂડે ભેજન, જૂઠ ચબેના પણ જેવા મળ્યું. તે પણ સહુનુ કરતી રહી. અંતે એક દિવસ વહેલી સવારે ખુલ્લી જગ્યામાં (જયાં ક્રિયા કરવામાં આવેલી) જાપમાં બેઠી હતી ત્યાં આવી મારી જગ્યા છે. કહીં ઉઠાડી મૂકી અને જતા રહ્યા. ખલ્લુ મેદાન હતું, જગ્યા ઘણી હતી અને તે ઉપરાંત તેમને બેસવું પણું નહતું. પરંતું પ્રથમ દિવસે વહેલી સવારે જે અનુભવ ત્યાં થયેલે તે મેં કહી દીધેલા તેથી ભોજનમાં પણ વિઘ્ન શરૂ થયું. આ ઉપરાંત રૂમમાં મારી પૂજા હતી તે એક જ રૂમ હતો અને ત્યાં કપડાં બદલતા, તમે ભગવાન સામે મર્યાદા તોડે છે ? ચારિત્ર્યહિન છે આ આક્ષેપ કર્યો. પરંતુ હરિ વ્યાપક સર્વત્ર સમાના.''

॥ કામમાં ન આવે તેવી કમાણી-મેદસ્વિતા-૧૨ ॥

કામમાં ન આવે તેવી કમાણી–મેદસ્વિતા–૧૨

મેદસ્વિતા ધરાવતા લોકોની સૌથી મોટી સમસ્યા હોય છે ગમે તેટલો પ્રયત્ન છતા, પેટ આસપાસની ચરબી ઓછીનો થવી, ખાસ કરીને મેનોપોઝ સમયમાં અને ગર્ભાશયના (હિસ્ટેકટોમી અને સીઝેરીયન) ઓપરેશન પછી બહેનોમાં આ સમસ્યા ખુબ જોવા મળે છે, સમયના અભાવે ઘણીવાર આપણે કસરત માટે પુરતો સમય ફાળવી શકતા નથી તો ઓછા સમયમાં ખોરાકના



કંટ્રોલ સાથે એવી કસરતો કરવી કે જેથી પેટ આજુ બાજુની ચરબી ઓછી થાય જેની ચર્ચા આપણે આજે કરવાના છીએ.



પેટ પાસે જમા થયેલ ચરબી ઘટાડવા માટે જરૂરી કસરત અને આસનો : પેટની આસપાસ જમા થયેલ ચરબી સ્વાસ્થ્ય માટે સેથી વધુ ખતરનાક ગણાય છે. પેટની ચરબી ઘટાડવી એ સ્વાસ્થ્ય અને સૌંદર્ય બન્ને માટે ખુબ અગત્યનું છે. પેટની ચરબી ઘટાડવા માટે સૌથી પહેલાં તો શરીરનું વધારાનુ વજન ઘટાડવું જરૂરી છે. વજન અને ચરબી ઘટાડવા માટે નિયમિત ૪૫ મિનિટ કસરત અને ખાવામાં સંયમ રાખવો જરૂરી છે. કુલ વજન ઘટવાથી આપો આપ પેટની આસપાસની ચરબી પણ ઘટવા જ માંડે છે.

જો શરીરનું કુલ વજન ઘટવા છતાં પેટની ચરબીમાં નોંધપાત્ર ફરક ન પડે અથવા પહેલેથી જ વજન નોર્મલ હોવા છતાં પેટનો ઘેરાવો વધ્યા કરતો હોય તો પેટની ચરબી માટેની ખાસ કસરત પર વિશેષ ધ્યાન આપવું પડે છે. પેટની આસપાસ જમા થયેલ ચરબીને ઘટાડવા માટે પેટના સ્નાયુઓની કસરતો અને આસનો કરવાં જરૂરી છે. પેટના સ્નાયુઓ પેટના અવયવોને આધાર અને રક્ષણ આપવાનું કામ કરે છે. પેટના સ્નાયુઓની નિયમિત કસરત ત્યાં ચરબીનો ભરાવો થવો અટકાવી શકે છે. અલબત આ બધી કસરતો વજન અને ચરબી ઘટાડવાના અન્ય પ્રયત્નો (દા.ત. ખોરાકની કાળજી અને ચાલવાની કે અન્ય એરોબિકસ કસરત) ની સાથે સાથે કરવી જરૂરી છે. માત્ર આ પેટ સ્નાયુઓની કસરત કર્યા કરો અને ખોરાક તથા ચાલવા પ્રત્યે બેદરકાર રહો તો ખાસ કોઈ ફાયદો થશે નહી. બીજુ, કોઈ પણ પ્રકારની બિમારી હોય તો ડોકટરની સલાહ મુજબ કસરત કરવી હિતાવહ છે. દરેક માણસનું શરીર કસરતને જુદા જુદા પ્રકારના પ્રતિભાવો આપે છે. એટલે કસરત કરતી વખતે કોઈ જગ્યાએ દુઃખાવો થવો ન જોઈએ. જયાર કસરત કરતાં દુઃખાવો થાય તો ત્યારે અટકી જઈને ડોકટરની સલાહ લેવી જરૂરી છે.

પેટની ચરબી ઉતારવા માટે નીચેની કસરતો કરી શકાય :

૧) વોર્મઅપ : કોઈપણ કસરત શરૂ કરતાં પહેલાં વોર્મઅપ એટલે કે કસરત માટે શરીરને તૈયાર કરવાની પ્રક્રિયા શરૂ કરવી. જોઈએ.

(અ) વોર્મઅપ માટે બંને હાથ અને પગને વારાફરતી દરેક સાંધામાંથી વાળીને સીધા કરવાની કસરત કરવામાં આવે છે.**(ઈ)** આ ઉપરાંત, બે પગ પહોળા રાખી, સીધા ઉભા રહીને પછી બંને હાથ જમીનને સમાંતર રહે એમ રાખી હળવે હળવે ધડને ડાબી તરફ ઘુમાવા થી ડાબો હાથ પાછળ જશે અને જમણો હાથ આગળ

આવશે. ત્યારબાદ પૂર્વવત સ્થિતિમાં આવીને પછી ધડને જમણી તરફ ઘુમાવો. આ રીતે આંચકા વગર ચાર –



પાંચ ચખત કમ્મરને મરોડવાની વોર્મઅપ કસરત કરવી. **(ઈ)** ત્યારબાદ બંને હાથ ઊંચા કરીને શરીરને ઉપર તરફ ખેંચાણ આપવું અને પછી હાથ, માથું અને ધડ નીચે તરફ ઝુકાવવું, બંને હાથને બે પગની વચ્ચેથી નીચે તરફ જમીનને અડે ત્યાં સુધી લઈ જવા. આ દરમ્યાન પગનાં ઘુંટણ વળી જશે. હવે ફરી પાછુ આખુ શરીર સીધુ કરીને હાથ ઊંચા લઈ શરીરન ઉપર તરફ ખેંચો. આ રીતે ત્રણ થી ચારવાર વખત નીચા નમવાની કસરત કરો. **(ઉ)** હવે ફરી બંને હાથ કમર પર રાખી ધડને ડાબી તરફ ઝુકાવો, જેથી ડાબા હાથ નીચે જશે અને જમણો ઉપર, ધડ અને પગ એક જ સમતલમાં હોય અની કાળજી રાખી બંને બાજુ ત્રણ થી ચાર ચખત વારા ફરતી ઝુડો

૨) સીટ અપ્સ :– કઠણ સપાટી પર સુઈ જાઓ. ત્યારબાદ બંને પગને ઘુંટણથી વાળો જેથી પગની પાની સપાટી ઉપર ગોઠવાય. જો કોઈ પડે નહી એવી વસ્તુ (ટેબલ પલંગ) નીચે તમારા પગ (પાની ભેરવી શકાય તો



ઉત્તમ. હવે બંને હાથને માથાની પાછળ મેરવી દો. ઊંડોશ્વાસ ભરો. હવે શ્વાસ કાઢતાં કાઢતાં માથું અને ધડ ઊંચા કરો અને માથાને બે ઘૂંટણની વચ્ચે સુધી લઈ જાવ. ફરી પાછા શ્વાસ ભરતાં ભરતા



માથુ પથારી પર લંબાવી દો. આ રીતે પાંચક વખત સુવા – બેસવાની કસરત કરો.

(૩) બેઠાં બેઠાં કરવાના આસનો : (અ) પશ્ચિમોત્તાનાસન : બંને પગ ઘૂંટણમાંથી વાળ્યા વગર લાંબા રાખો. ઊંડો શ્વાસ લો. બંને હાથ વડે પગ વાળ્યા વગર પગના નળા, અંગૂઠા કે ઘૂંટી પકડવા પ્રયત્ન કરો વધારે પડતું જોર કરવું નહીં. ધીમે ધીમે શ્વાસ કાઢતાં કાઢતાં માથું ઘૂંટણને અડાડવા પ્રયત્ન કરો, જરા પણ જોર કરવું નહી સહજતાથી જેટલું નમાય એટલું જ નમવું. **(ઈ) સુપ્ત – વજાસન :** બંને પગ ઘુંટણમાંથી વાળીને, બંને પગના ઘૂંટીથી ઘૂંટણ સુધીભાગ જમીનને અડે એ રીતે, પગની પાની આકાશ તરફ રહે એમ રાખીને ટટ્ટા બેસો. પગના અંગૂઠા એકબીજાને અડે



અને એડી દૂર રહે એમ રાખો, બંને હાથ સીધા રાખી ઘુંટણ પર ગોઠવો. હવે ધીમે ધીમે કોણીના ટેકે ધડને પાછળ તરફ ઝુકાવો અને માથા નીચે હાથ



ગોઠવી સુઈ રહો.

(ઈ) અર્ધમત્સ્યેન્દ્રાસન : બંને પગ લાંબા કરીને બેસો. ડાબો પગ, ઘુંટણ આગળથી વાળી ડાબા પગનો પંજો જમણા કુલા નીચે મુકો અને પગના



પંજાને ડાબા પગના ઘૂંટણની ડાબી બાજુએ મુકો. હવે ડાબા હાથને જમણા ઘૂંટણની જમણી બાજુએ રાખીને પગનો અંગૂઠા પકડાવો. જમણા હાય પીઠની પાછળથી પસાર કરી ડાબા સાથળને પકડવા પ્રયત્ન કરો. મૂળ સ્થિતિમાં પાછા આવો. ઉપરની દિશા જમણો પગ વાળી ડાબા કુલા નીચે મૂકી ફરી કરો. આ ઉપરાંત મયુરાસન, યોગમુદ્રા વગેરે આસનો પણ શીખીને કરી શકાય. આ બધા આસનોથી પેટના સ્નાયુઓને સકોચન થાય છે જે લાંબે ગાળે ચરબી



ઘટાડવામાં મદદરૂપ થાય છે.

(૪) ચત્તા સુઈને કરવાના આસનો :

(અ) ઉત્તાનપાદાસન : ' પીઠ ઉપર ચત્તા સૂઈ જાઓ. 'શ્વાસ લેતાં લેતાં એક પગને ઘૂંટણમાંથી વાળ્યા વગર ઊંચો કરો. શ્વાસ રોકી રાખી છ થી આઠ સેકંડ પગને ઊંચો રાખો. ધીમે ધીમે શ્વાસ છોડતાં છોડતાં પગને જમીન પર મૂકો.'હવે બીજા પગને ઊંચો કરો. પછી બંને પગને એક સાથે ઊંચા કરો.(ઈ) પવનમુક્તાસન 'પીઠ ઉપર ચત્તા સૂઈ જાઓ. ઊંડા શ્વાસ લો.

'એક પગ ઘૂંટણથી વાળીને પેટ તરફ ખેંચો.'બંને હાથથી વાળેલો ઘૂંટણ પકડી પગને પેટની લગોલગ રાખો અને ઘૂંટણ છાતીને અડાડવા પ્રયત્ન કરો, હવે માથું ઊંચુ કરી વળેલા ઘૂંટણને અડાડો. ત્યાર બાદ બીજા પગથી અને પછી બંને પગથી આ આસન કરો.

(ઈ)મત્સ્યાસન : ' પદ્માસનમાં બેસો ધીમે ધીમે કોણીના સહારે પદ્માસનની સ્થિતિમાં ચત્તા સૂઈ જાવ. 'ત્યાર બાદ બંને કોણીનો ટેકો લઈ ધડ ઊંચું કરોઅને માથું પાછળ તરફ વાળો. કોણીના સહારે માથું જમીન સાથે ટેકવી રાખવુ. બંને હાથની આંગળીઓથી પદ્માસનની સ્થિતિમાં રહેલ



પગના અંગુંઠા પકડો.**'ધીમે ધીમે ક્રમશ :** મૂળ (પદમાસન સાથે ચત્તા



સુવાની) સ્થિતિમાં પાછા આવો.

સર્વાંગાસન અને વિપરિત



કરણી પણ ફાયદો કરે – – અલબત્ત કોઈ પાસે શીખીને કરવા હીતાવહ છે.

(૫) ઉંધા સુઈને કરવાના આસનો :

(અ) શલભાસન : ઊંધા સૂઈ જાઓ (પગની પાની આકાશ તરફ, દાઢી જમીનને અડેલી અને હાથ સીધા શરીરની બાજુમાં રાખવા) ધીમે ધીમે શ્વાસ લેતાં લેતાં, એક પગ ઘૂંટણ આગળથી વાળ્યા વગર ઊંચો કરો. આ સ્થિતિમાં શ્વાસ રોકીને પગને શકય એટલો ઊંચો થોડો સમય રાખી મૂકો.શ્વાસ છોડતાં છોડતાં, પગ નીચે લાવો. ત્યાર બાદ બીજો પગ ઊંચો કરવો. પૂર્ણ શલભાસન માટે માટે બંને પગ એકસાથે ઊંચા કરવા

(ઈ) ભૂજંગાસન : ઊંધા સૂઈ જાઓ (બંને પગ ભેગા અને પાની આકાશ તરફ રહે, હાથના પંજા છાતીની બાજુમાં, કોણી વાળેલી અને શરીરની નજીક રહે એમ રાખવી. કપાળ જમીન પર ટેકવેલું રાખવું) ધીમે ધીમે શ્વાસ લેતાં લેતાં કપાળ જમીન પરથી ઊંચકવું અને દાઢી જમીન પર ટેકવવી. હવે ગરદનને પાછળ તરફ વાળવી. હવે હાથના ટેકા વગર અથવા ખુબ ઓછો ટેકો લઈને કરોડરજ્જુના મણકાનો ઉપયોગ કરીને છાતીને જમીનથી અધ્ધર કરવી. નાભિ સુધીનો ભાગ અધ્ધર થાય ત્યાં સુધી કરવી અને પછી થોડીવાર માટે શ્વાસ થંભાવીએ સ્થિતિમાં અટકવું. ધીરેથી શ્વાસ છોડતાં છોડતાં પહેલાની સ્થિતિમાં આવી જવું. **(ઈ) ધનુરાસન :** ઊંધા સુઈ જાવ બંને હાથ કોણીથી સીધા, શરીરની બાજુમાં રાખો. ધીમે ધીમ શ્વાસ લેતાં લેતાં પગને ઘુંટણથી વાળી અને હાથને પાછળ ઊંચા કરી, ઘૂંટી પાસેથી પગને પકડો. શ્વાસ લેતાં લેતાં છાતી અને



માથું ઊંચા થાય એ રીતે હાથથી પગને ખેંચો જેથી ધનુષ જેવો આકાર થાય. થોડો સમય શ્વાસ રોકી રાખી, ધીમે ધીમે શ્વાસ છોડતાં છોડતાં મૂળ સ્થિતિમાં આવી જાઓ.પેટની



આસપાસની ચરબી ઓછી કરવાની કસરતો અને આસનો યોગ્ય માર્ગદર્શન હેઠળ નિયમિત કરવામાં આવે તો ફાયદો થાય છે.

પેટની ચરબી વધી ગયા પછી આસન કે કસરત કરવાનું મુશ્કેલ પડે છે, પરંતુ ચરબી વધે જ નહી એ માટે આ આસનો અને કસરત કરવા સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે,

સંજોગો સામે હથિયાર હેઠાં મૂકશો, કે પછી ઇતિહાસ રચશો

જિંદગી જયારે કોઈ આકરી કસોટી લે છે, ત્યારે માણસ પાસે હંમેશા ત્રણ રસ્તા ખુલ્લા હોય છે. પહેલો રસ્તો છે નિરાશાની ગર્તામાં ડૂબીને નસીબને દોષ આપતા રહેવું. બીજો રસ્તો છે સંજોગો સામે હથિયાર હેઠાં મૂકીને, જે મળે તેમાં સમાધાન કરી જીવતા શીખી લેવું. અને ત્રીજો રસ્તો જેના પર માત્ર ગણતરીના લોકો જ ચાલવાની હિંમત કરે છે તે છે મુશ્કેલીઓની આંખમાં આંખ પરોવીને એક એવું લક્ષ્ય નક્કી કરવું, જે ભવિષ્યમાં ઈતિહાસ બની જાય. દુઃખ તો દરેકના જીવનમાં આવે છે, પણ એ દુઃખને તાકાત બનાવીને જે આગળ વધે છે, દુનિયા આખરે એના જ નામની માળા જપે છે.કુદરતની દરેક રચના આપણને કંઈક શીખવે છે. ઊંચા આકાશમાં ઊડતા બાજને જુઓ; જયારે તે શિકારની શોધમાં હોય છે, ત્યારે તેની નજરઆસપાસના તોફાનો પર નહીં, પણ સીધી પોતાના લક્ષ્ય પર ટકેલી હોય છે. આપણી તકલીફ એ છે કે આપણે આપણા સપના કરતાં આપણી પીડાને વધુ મહવ આપીએ છીએ. આપણને નાનપણથી જ શીખવવામાં આવ્યું છે કે ' જેટલી ચાદર હોય તેટલા જ પગ પસારવા.' પણ સવાલ એ છે કે જો પગ લાંબા કરવાની ઈચ્છા હોય, તો પગ સંકોચવાની શું જરૂર ? ચાદરને જ મોટી કેમ ન કરી શકાય ? સમાજના સીમિત વિચારોએ આપણને 'લિમિટેડ વર્ઝન' બનાવી દીધા છે, જયારે હકીકત એ છે કે


હાર્દિક ચંદારાણા
મો. ૭૨૧૧૧ ૫૫૫૭૩ ઈ-મેઈલ : hchanadarana@gmail.com

દરેક માણસની અંદર અસીમિત શક્તિઓનો ભંડાર છુપાયેલો છે. સિંહના બચ્ચાને જો શરૂઆતથી જ જંગલ પર રાજ કરવાનું શીખવવામાં આવે, તો જ તે પોતાની ગર્જનાથી આખા વનને ગજવી શકે છે.

જયારે જીવનમાં અંધકાર છવાઈ જાય અને આગળનો રસ્તો ન દેખાય, ત્યારે બહુ લાંબુ વિચારીને ગભરાવાની જરૂર નથી. શિયાળાની સવારના ગાઢ ધુમ્મસમાં આપણે શું કરીએ છીએ ? આપણે માત્ર બે ડગલાં આગળનું જોઈએ છીએ અને ચાલતા રહીએ છીએ. જેમ જેમ આપણે આગળ વધીએ છીએ, તેમ તેમ ધુમ્મસ વિખેરાતું જાય છે અને આગળનો રસ્તો આપોઆપ ખૂલતો જાય છે. સંઘર્ષના દિવસોમાં પણ બસ આટલું જ કરવાનું છે. દિવસના અંતે માત્ર બે – પાંચ ડગલાં આગળ વધવાની હિંમત રાખવાની છે.સફળતાની ટોચ પર પહોંચવા માટે સૌથી વધુ જરૂરી છે પોતાના ખરાબદિવસોને યાદ રાખવા. એ ખરાબ દિવસો કોઈ શ્રાપ નથી, પણ એક એવો અરીસો છે જે તમને તમારી



જમીની હકીકત અને તમારા સંકલ્પની યાદ અપાવતો રહે છે. લોકોના મહેણાં, સમાજની ટીકા અને સ્વજનોની બરૂખી આ બધું જ તમને તોડવા માટે નહીં, પણ તમને ઘડવા માટે આવે છે. પથ્થર જયાં સુધી ટાંકણાના ઘા સહન ન કરે, ત્યાં સુધી તે પૂજનીય મૂર્તિ બની શકતો નથી.

આજે ભલે દુનિયા તમારી મજાક ઉડાવતી હોય, ભલે તમને એકલા પાડી દેવામાં આવ્યા હોય, પણ યાદ રાખજો કે સાગરમાં કોઈ કંકર ફેંકે તો તેનાથી સાગરની ઊંડાઈ ઘટી જતી નથી. તમારી અંદર રહેલી એ નાનકડી ચિંગારીને હવે પ્રચંડ આગ બનાવવાનો સમય આવી ગયો છે. ભૂતકાળમાં ભલે ગમે તેટલી હાર મળી હોય, હવે માથું ઊંચું કરીને, પોતાના સ્વાભિમાન માટે લડવાનું છે. કારણ કે ઈતિહાસ કયારેય સુવિધાઓમાં ઉછરેલા લોકો નથી રચતા; ઈતિહાસ તો એ જ લોકો રચે છે, જેમનામાં પોતાના સપના માટે 'જીદ્દી' બનવાની તાકાત હોય છે.

અમરેલી જિલ્લા ઉમિયા પરિવાર દ્વારા કડવા પાટીદાર સમાજનો સ્નેહમિલન સમારોહ યોજાયો



અમરેલીમાં કડવા પટેલ સમાજના દરેક સભ્ય પરિવારની ભાવના સાથે એકબીજાને મળે, પરસ્પર સ્નેહ અને આત્મીયતાનું આદાનપ્રદાન કરે તથા એકતાની ભાવના વધુ મજબૂત બને તેવા ઉમદા શુભાશયથી અમરેલી જિલ્લા ઉમિયા પરિવાર દ્વારા કડવા પાટીદાર સમાજનો સ્નેહ મિલન સમારોહ ૨૦૨૬ 'સ્નેહની સુવાસ – એકતાનો અહેસાસ' તા. ૨૦/૧૧/૨૦૨૬ને શુક્રવારે અમર પાર્ટી પ્લોટ અમરેલીમાં આયોજીત કરવામાં આવેલ હતો. સ્નેહમિલન સમારોહની શરૂઆતમાં શાબ્દિક સ્વાગત ઉદ્‌બોધન ગોરધનભાઈ સુરાણીએ કરેલ. શ્રી ઉમિયા પરિવાર સંગઠન સમિતિ, સૌરાષ્ટ્ર ઝોનના ઉપપ્રમુખ વજુભાઈ ગોલ દ્વારા સમાજના સંગઠન, એકતા અને પરસ્પર સહકારની ભાવનાને વધુ સુદૃઢ બનાવવા સેને પ્રેરણાદાયી આહવાન સાથે ઉમિયા પરિવાર સમિતિના સામાજીક કાર્યોની રૂપરેખા આપેલ હતી. ઉમિયા પરિવાર સંગઠન સમિતિ સૌરાષ્ટ્ર ઝોનના પ્રમુખશ્રી કેશિકભાઈ રાબડીયા અને અમરેલી વિસ્તાર કડવા પાટીદાર જ્ઞાતિ કેળવણી પ્રચારક મંડળના પ્રમુખ ઠાકરશીભાઈ મેતલીયાએ પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં સમાજના સૌ સભ્યોને ભૂતકાળના અવગુણો અને મનદુઃખોને ભૂલીને પરસ્પર પ્રેમ, એકતા અને ભાઈચારાની ભાવના સાથે આગળ વધીએ. ભણતર સાથે ગણતર અપનાવી સામાજીક વ્યવસ્થામાં નવા સંકલ્પો અને સકારાત્મક વિચારો સાથે સમાજના સર્વાંગી વિકાસ માટે સહિયારા પ્રયાસો કરીએ અને નક્કી કરેલા સંકલ્પોને સિદ્ધિમાં પરિવર્તિત કરવા અપીલ કરી હતી. આ સમારોહમાં કડવા પાટીદાર સમાજના યુવા વર્ગને પ્રોત્સાહિત કરવા તેમજ તેમની સિદ્ધિઓને બિરદાવવાના ઉમદા આશયથી વર્ષ ૨૦૨૬–૨૭ દરમિયાન વિવિધ સરકારી વિભાગોમાં સરકારી નોકરી પ્રાપ્ત કરનાર સમાજના યુવક–યુવતીઓનું માનવંતા મહેમાનોના વરદ હસ્તે ખેસ અને પ્રશસ્તિપત્ર અર્પણ કરીસન્માન કરવામાં આવ્યું હતું. આ સન્માન દ્વારા યુવા પેઢીમાં શિક્ષણ, સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને કારકિર્દી ઘડતર પ્રત્યે વધુ ઉત્સાહ અને પ્રેરણા જાગે તેવો ઉમદા સંદેશ આપવામાં આવ્યો હતો. ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીનું કલામ ઈનોવેટીવ સ્કૂલ માટે સ્કૂલ બસ અને સેવન ડી લેબોરેટરી માટે રૂ. ૫૦ લાખનો માતબર સહયોગ આપવા બદલ સમાજના આગેવાનો દ્વારા વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દિલીપભાઈ સંઘાણીએ પોતાના ઉદ્‌બોધનમાં સમાજજીવનમાં સ્નેહમિલનના મહત્વ અને આવશ્યકતા પર ભાર મૂકયો હતો. તેમણે જણાવ્યું હતું કે વ્યવસાયની સાથે સમાજની સમૃદ્ધિ અને પ્રગતિ માટે પણ સેએ યોગદાન આપવું જોઈએ. સમાજમાં સંયુક્ત જીવનવ્યવસ્થા, પરસ્પર સહકાર, સલામતી અને યુવાનો માટે રોજગારીની તકો ઊભી કરવા જેવા વિષયોને પ્રાથમિકતા આપીને સંગઠિત પ્રયાસો કરવાની તેમણે અપીલ કરી હતી. સમાજની એકતા અને સામૂહિક શક્તિ દ્વારા જ સર્વાંગી વિકાસ શકય છે, તેવો પ્રેરણાદાયી સંદેશ તેમણે આપ્યો હતો. સ્નેહમિલન પ્રસંગે રાજકોટના સાંસદશ્રી પરશોત્તમભાઈ રૂપાલા, રાજયકક્ષાના મંત્રી કૌશિકભાઈ વેકરિયા તેમજ અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા દ્વારા શુભેચ્છા સંદેશ પાઠવી સ્નેહમિલનના સફળઆયોજન માટે શુભકામનાઓ વ્યક્ત કરવામાં આવી હતી. સમારોહમાં ભોજન પ્રસાદના યજમાનશ્રી રમેશભાઈ શામજીભાઈ ગુમાસણા અને કલ્પેશભાઈ રમેશભાઈ ગુમાસણાનું પણ સમાજ પ્રત્યેના તેમના સહયોગ, ઉદારતા અને સેવાભાવની કદરરૂપે અમરેલી શહેર, જીલ્લા અને તાલુકા ઉમિયા પરિવાર સંગઠન સમિતિ દ્વારા સ્મૃતિ ચિહ્ન અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. હાસ્ય કલાકાર સુખદેવભાઈ ધામેલીયા દ્વારા હાસ્યરસની રમઝટ સાથે પ્રેરણાત્મક દૃષ્ટાંતો અને જીવનોપયોગી પ્રસંગો રજૂ કરવામાં આવ્યા હતા. તેમણે પોતાની આગવી શૈલીમાં હાસ્ય અને પ્રેરણાનું સુંદર સંયોજન કરીને ઉપસ્થિત સેને હાસ્યથી તરબોળ કર્યા હતા. સાથોસાથ સમાજમાં આનંદ, એકતા, ભાઈચારો અને સકારાત્મક વિચારધારા જળવાઈ રહે તેવો પ્રેરણાદાયી સંદેશ આપ્યો હતો. આ સમારોહમાં સિદસર મંદિરના ટ્રસ્ટી જયવંતભાઈ ફિણાવા, લીલીયા ઉમિયા મંદિર ટ્રસ્ટના પ્રમુખ બાબુભાઈ ધામત, ઉપપ્રમુખ મનસુખભાઈ ગાંગડીયા, અમરેલી વિસ્તાર કડવા પાટીદાર જ્ઞાતિ કેળવણી પ્રચારક મંડના મંત્રી કનુભાઈ ગોજારિયા, અમરેલી જિલ્લા ઉમિયા પરિવાર સંગઠન સમિતિના પ્રમુખ નરેશભાઈ દસલાણીયા, જગદીશભાઈ વિરમગામા, હિરેનભાઈ રાછડીયા, બ્રિજેશભાઈ કુકડીયા, જગદીશભાઈ આદ્રોજા, રણછોડ કુકડીયા, અનિલભાઈ મેતલીયા, માવજીભાઈ ગોલ, ચુનીભાઈ આદ્રોજા, ઈશ્વરભાઈ કુંડાળીયા, વલ્લભભાઈ કારેટીયા, ધનજીભાઈ કારેટીયા, તેમજ તાલુકા સંગઠન સમિતિના પદાધિરીઓ સહીત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા અને સ્નેહ મિલન સમારોહને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. સ્નેહમિલન સમારોહની આભારવિધિ રમેશભાઈ ગુમાસણા દ્વારા કરવામાં આવી હતી તેમજ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ધીરૂભાઈ કોટડીયા અને ભારતીબેન પટેલએ સંભાળેલ હતું. સ્નેહ મિલનને સફળ બનાવવા અમરેલી સંગઠન સમિતિના પદાધિકારી પ્રહલાદભાઈ વામજા, જયંતીભાઈ ચત્રોલા, બાલુભાઈ માતરીયા, ઉમંગભાઈ સરખેડી, પ્રા. એમ.એમ. પટેલ, રમેશભાઈ ગોલ, રાજુભાઈ સરખેડી, રોનકભાઈ ભાલોડીયા, હરેશભાઈ રૂપાલા, ઈશ્વરભાઈ કુંડાલીયા, વલ્લભભાઈ કારેટિયા, ધવલભાઈ ગોલ, અલ્પેશભાઈ જાવિયા, મેહુલભાઈ ગોલ, કિશન ગોલ, યશ ગોલ, મેલિકભાઈ વિરોજા, જીતુભાઈ ગોલ, નયનભાઈ પણસાલા, મધુભાઈ જાવિયા, દિનેશભાઈ જાવિયા, રોહિતભાઈ પડસાલા, ભાવેશભાઈ કડેવાળ, પ્રદિપભાઈ મેઘપરા, યોગેશભાઈ ગોલ, ભાવેશભાઈ આખજા, મુકેશભાઈ માતરીયા, જયભાઈ ગોલ વગેરેએ અવિરત જહેમત ઉઠાવી હતી.

પાના ૮ ઉપરનું ચાલું

શેત્રુંજી નદીમાંથી થતી રેતી ચોરી

પ્રેમીઓમાં ખાણ–ખનિજ વિભાગની નિષ્ઠા સામે અનેક પ્રશ્નો ઉપસ્થિત થઈ રહ્યા છે.

અમરેલી પંથકમાં શેત્રુંજી નદીમાંથી તંત્રની મીઠી નજર હેઠળ ધોળા દિવસે થતી બેફામ રેતી ચોરી અને નંબર પ્લેટ વગરના વાહનોના આતંક સામે કડક કાર્યવાહી કરવા માંગ ઉભી થઈ છે.

ખનિજ માફિયાઓ બેલગામ બન્યા છે. અમરેલી પંથકમાંથી પસાર થતી શેત્રુંજી નદીના પટ્ટમાંથી કોઈ પણ જાતના કાયદાના ડર વિના, ધોળા દિવસે જેસીબી મશીનો લગાવીને મોટાપાયે ગેરકાયદેસર રેતી ખનન અને ચોરી કરવામાં આવી રહી છે.

આ સમગ્ર ગેરકાયદેસર પ્રવૃત્તિ જાણે જવાબદાર તંત્રની મીઠી નજર હેઠળ ચાલી રહી હોય તેવો ઘાટ સર્જાયો છે. ખનિજ માફિયાઓને ન તો ખાણ–ખનિજ વિભાગનો ડર છે કે ન તો પોલીસ તંત્રનો.

રેતી ચોરીમાં સંડોવાયેલા ડમ્પર અને ટ્રેકટરો જાહેર રસ્તાઓ પર પુરપાટ ઝડપે અને ગફલતભરી રીતે દોડી રહ્યા છે. ચોંકાવનારી બાબત એ છે કે આમાનાં મોટાભાગનાં વાહનો નંબર પ્લેટ વગરના છે જેથી કોઈ અકસ્માત સર્જાય તો વાહન માલિક કે ચાલકની ઓળખ છુપાવી શકાય. આ બેફામ દોડતા વાહનોને કારણે નિર્દોષ રાહદારીઓ અને વાહનચાલકોના જીવન સતત જોખમમાં મુકાયા છે. સ્થાનિક ગ્રામજનો અને જાગૃત નાગરિકોમાં આ મુદ્દે ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકમુખે એક જ ચર્ચા ચાલી રહી છે કે અમરેલી તંત્ર કુંભકર્ણની નિંદ્રામાંથી કયારે જાગશે અને આ ખનિજ માફિયાઓ વિરૂધ્ધ દાખલારૂપ કડક પગલાં કયારે લેશે ? જો આગામી દિવસોમાં આ ગેરકાયદેસર ખનન અને બેફામ વાહનો પર લગામ લગાવવામાં નહી આવે તો આગામી સમયમાં ઉગ્ર આંદોલન કરવાની ફરજ પડશે.

પાના ૮ ઉપરનું ચાલું

રાજ્યમાં ઠંડીનો ચમકારા

એક દિવસ દરમિયાન હવામાનમાં નોંધપાત્ર પલટો આવતાં ઠંડીનો ચમકારો વધી ગયો છે. વાતાવરણમાં આવેલા આ બદલાવ અને ઠંડા પવનોના પ્રભાવને કારણે રાજ્યના મોટા ભાગના જિલ્લાઓમાં લઘુતમ તાપમાન ૨૦ ડિગ્રી સેલ્સિયસથી નીચે સરકી ગયું છે. માત્ર ૨૪ કલાકના ટૂંકા ગાળામાં રાજ્યભરમાં ઠંડીનો પારો ૨ થી ૫ ડિગ્રી સુધી ગગડ્યો હોવાથી વહેલી સવાર અને મોડી રાત્રે લોકોએ ઠંડીથી બચવા માટે ગરમ વસ્ત્રોનો સહારો લેવો પડ્યો છે.

વિવિધ શહેરોના તાપમાનના આંકડા પર નજર કરીએ તો ૧૧.૪ ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે અમરેલી રાજ્યનું સૌથી ઠંડું શહેર નોંધાયું છે. કચ્છના નલિયામાં લઘુતમ તાપમાન ૧૧.૮ ડિગ્રી અને પાટનગર ગાંધીનગરમાં ઠંડીનો પારો ૧૨ ડિગ્રી સુધી ગગડી ગયો છે. આ ઉપરાંત રાજકોટમાં ૧૩.૨ ડિગ્રી, વડોદરામાં ૧૩.૪ ડિગ્રી, જ્યારે અમદાવાદ અને પોરબંદરમાં ૧૪ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું છે. બીજી તરફ, ભુજમાં ૧૭.૩ ડિગ્રી અને સુરતમાં ૧૬.૬ ડિગ્રી તાપમાન રહેતા ત્યાં અન્ય શહેરોની સરખામણીમાં પ્રમાણમાં ઓછી ઠંડી અનુભવાઈ છે.

હવામાન વિશ્લેષકોના જણાવ્યા મુજબ, ઠંડીના આ તીવ્ર રાઉન્ડ બાદ હવે વાતાવરણમાં ફરી ફેરફાર થવાની શક્યતા છે. સક્રિય થઈ રહેલા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી આવતીકાલથી રાજ્યના તાપમાનમાં ૨ થી ૪ ડિગ્રી સુધીનો વધારો થઈ શકે છે. આ કારણે ઠંડીના જોરમાં અસ્થાયી નરમાશ જોવા મળી શકે છે, પરંતુ હવામાનના આ ચઢાવ-ઉતાર વચ્ચે નાગરિકોએ બદલાતા વાતાવરણની અસર સામે સાવચેત રહેવું જરૂરી બન્યું છે. ખાસ કરીને વહેલી સવારે અને મોડી રાત્રે બહાર નીકળતા લોકો, બાળકો અને વડીલોએ સ્વાસ્થ્ય પ્રત્યે વિશેષ કાળજી રાખવી હિતાવહ છે.

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના પ્રભાવથી આવતીકાલથી તાપમાનમાં ૨ થી ૪ ડિગ્રીનો ઉછાળો આવતાં ઠંડીમાં હંગામી રાહત મળી શકે છે. જોકે, તાપમાનના આ સતત બદલાવ વચ્ચે નાગરિકોએ સ્વાસ્થ્ય સાચવવું અનિવાર્ય છે અને આગામી દિવસોમાં હવામાનની નવી સિસ્ટમો પર નજર રાખવી પડશે.

પાના ૧ ઉપરનું ચાલું

સરકારી શાળાઓ અને દવાખાનાઓને

પહેલા શિક્ષણની કિંમત સમજીને સેંકડો એકર જમીન એકત્ર કરીને તે સ્થળે આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજ કાર્યરત કરીને ભવિષ્યમાં નવા અભ્યાસક્રમો માટે મકાનો બનાવી શકાય તે માટેની જમીન અનામત રાખેલ અને આજે તેઓનાં તમામ સપના ચકનાચુર થયા છે.

તેઓએ હંમેશા શિક્ષણ દરેક નાગરિકને મફતમાં જ મળવું જોઈએ તેવો આગ્રહ રાખેલ. પરંતુ, આજે તેઓએ જે જમીન એકત્ર કરેલ તે જમીન ઉપર ખાનગી શિક્ષણ અપાઈ રહ્યું છે. તો સિવિલ હોસ્પિટલમાં પણ કહેવા પુરતી મફત સારવાર મળી રહી છે. આરોગ્ય સેવાનું પણ ક્રમશઃ ખાનગીકરણ થઈ રહ્યું છે.

અમરેલી જિલ્લા સહિત દેશભરમાં દિનપ્રતિદિન શિક્ષણ અને આરોગ્ય સેવાઓ સતત કથળી રહી છે. તેના માટે રાજય અને કેન્દ્ર સરકારે બજેટમાં વધારે રકમ ફાળવવી જોઈએ તેના બદલે બજેટમાં શિક્ષણ અને આરોગ્યની અવલેહના જ કરવામાં આવતી જોવા મળે છે.

દેશનાં દરેક રાજકીય પક્ષોએ પક્ષ પક્ષી ભૂલીને દેશનાં ઉજજવળ ભવિષ્ય માટે પોતાના પક્ષનાં કાર્યાલયોને પછી તે પહેલા દેશની તમામ પ્રાથમિકથી લઈને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રથી લઈને એઈમ્સ જેવી હોસ્પિટલની હારમાળા ઉભી કરવી જરૂરી છે. નહી તો વર્ષ ૨૦૪૭ તો શું વર્ષ ૩૦૦૦ સુધીમાં પણ દેશને વિકસિત બનાવવો મુશ્કેલ બનશે.

પાના ૧ ઉપરનું ચાલું

દુષ્કર્મની ફરિયાદ નોંધાતા ચકચાર

આત્મહત્યા કરી લેવાની ધમકી પણ આપતો હોવાની ફરિયાદ નોંધાઈ છે. છેલ્લા ત્રણેક મહિનાથી મહિલાએ આરોપી સાથે ફોન પર વાત કરવાનું બંધ કરી દેતા આરોપીએ મહિલાના સંબંધીઓ અને સમાજમાં તેના ચારિત્ર્ય અંગે ખોટી વાતો ફેલાવી બદનામ કરવાનો પ્રયાસ કર્યો હોવાનો ફરિયાદમાં આક્ષેપ છે. તાજેતરમાં મહિલાના નાના ભાઈને પણ ફોન કરીને તેના વિશે અપમાનજનક વાતો કરી હતી.

આ સમગ્ર મામલે મહિલાની ફરિયાદનાં આધારે ખાંભા પોલીસે આ કેસની ખૂબ ગંભીરતા દાખવી વાવેરા ગામના વિક્રમભાઈ વીહાભાઈ સાંખટ વિરૂધ્ધ તાત્કાલિક ફરિયાદ લઈ ગુન્હો નોંધાવામાં આવ્યો છે. જેમા વારંવાર એકજ મહિલા સાથે મરજી વિરૂધ્ધ દુષ્કર્મ આચરતો હતો. જાતીય સતામણી કરી ઘરમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કર્યો હતો મહિલાનાં ફોટા વાયરલ કરવાની ધમકી આપતો હતો. ફોન પર વાત કરવા દબાણ અને માનસિક ત્રાસ સમાજમાં મહિલાનાં ચરિત્ર અંગે ખોટી વાતો ફેલાવતો બદનામ કરતો હતો. હાલ આ અંગે ખાંભા પોલીસ સ્ટેશનમા ગંભીર ગુન્હા અંગે પી.આઈ. કે.વી. ચુડાસમાં તપાસ ચલાવી રહ્યા છે.

આરોપી રાજુલા તાલુકા વાવેરા ગામનો રહેવાસી છે, થોડા સમય પહેલા ભારતીય જનતા પાર્ટીમાં પ્રવેશ કરી રાજુલા તાલુકા ભાજપ સોશ્યલ મીડિયા ઈન્ચાર્જ તરીકેની મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે. જેના કારણે ભારતીય જનતા પાર્ટીનાં કાર્યકર તરીકે હાલમાં પ્રચાર પ્રચારનું કામ કરતો હતો અગાવ અનેક વિવાદોમાં સપડાયેલ હતો. આજે દુષ્કર્મ જેવી શર્મચાર કૃત્ય કર્યાની ફરિયાદ નોંધાઈ છે. હાલમાં ગ્રામ્ય વિસ્તારમાં લોકોએ પોલીસ કડક કાર્યવાહી કરે તેવી માંગણી કરવામાં આવી છે.

પાના ૧ ઉપરનું ચાલું

સિંહની લટાર કેમેરામાં કેદ

ભયનો માહોલ છે.

મોરઝર ગામે રાત્રિના સમયે રસ્તા પર લટાર મારતા ડાલામથ્થા સિંહના વાયરલ થયેલા વીડિયોએ ફરી એકવાર ધારી પંથકમાં વનરાજની હાજરીની ચર્ચા જગાવી છે. વન્યજીવ અને માનવ વસાહત વચ્ચે વધતી અવરજવરને ધ્યાનમાં રાખીને વન વિભાગ દ્વારા જરૂરી તકેદારી રાખવામાં આવે તેવી સ્થાનિકોમાં માંગ ઉઠી રહી છે.

પાના ૮ ઉપરનું ચાલું

જુગાર રમતા ૭ પત્તાપ્રેમીઓ

આ અંગે દામનગર પોલીસને બાતમી મળતાં પોલીસ ટીમે તાત્કાલિક સ્થળ પર દરોડો પાડયો હતો.

પોલીસની કાર્યવાહી દરમિયાન જુગાર રમતા સાતેય ઈસમોને ઝડપી લેવામાં આવ્યા હતા. સ્થળ પરથી રોકડ રકમ સહિત કુલ રૂા. ૬૩,૫૬૦નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. આ મામલે દામનગર પોલીસે જુગારધારા હેઠળ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી આગળની તપાસ શરૂ કરી છે.

અવસાન નોંધ

વિસાવદર : વિસાવદર નિવાસી જયોત્સનાબેન (જીતુબેન) વિઠ્ઠલભાઈ વરડાંગર (ઉ.વ. ૬૬) તે વિઠ્ઠલભાઈ વરડાંગરનાં મોટી દીકરી અને શૈલેષભાઈ (ભાણો) કૂટવાળા અને હીનાબેન બાબરાવાળાના માતુશ્રી, ભીખુભાઈ અને મુકેશભાઈ કૂટવાળા વિસાવદર, દિલીપભાઈ રાણપુરવાળાનાં મોટા બેનનું તા. ૨૧/૧૧/૨૦૨૬ને શનિવારનાં રોજ દુઃખ અવસાન થયું છે. સદગતનું બેસણું તા. ૨૩/૧૧/૨૦૨૬ને સોમવારનાં રોજ સાંજે ૩ થી ૬ હનુમાનપરા, મારૂતિનગર, સતાધાર રોડ, વિસાવદર તેમના નિવાસ સ્થાને રાખેલ છે.

અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શિંગ મઠડી	૧૪૩૦	૧૫૩૦
૨	ગીરનાર શીંગ	૧૧૫૫	૧૫૫૫
૩	શિંગ મોટી	૧૨૦૦	૧૫૭૦
૪	શિંગદાણા ફાડા	૧૫૦૦	૨૦૨૦
૫	તલ સફેદ	૨૬૦૦	૩૬૫૦
૬	તલ કાળા	૨૫૬૦	૪૧૫૦
૭	બાજરો	૫૬૦	૬૧૦
૮	જુવાર	૯૦૦	૧૫૦૫
૯	ઘઉં ટુકડા	૫૭૦	૭૩૫
૧૦	ઘઉં લોકવન	૫૭૦	૬૪૦
૧૧	મકાઈ	૬૩૫	૬૩૫
૧૨	અડદ	૧૬૦૦	૧૮૦૫
૧૩	ચણા	૧૩૧૦	૧૫૪૦
૧૪	છોલે દેશી	૧૧૩૦	૧૮૧૫
૧૫	તુવેર	૧૬૪૫	૧૭૭૦
૧૬	કપાસ	૧૧૧૦	૧૮૮૦
૧૭	એરંડા	૧૪૦૦	૧૫૪૦
૧૮	જીરૂ	૪૬૩૦	૪૬૩૦
૧૯	ધાણી	૨૭૨૦	૩૧૦૦
૨૦	સોયાબીન	૧૨૦૫	૧૫૩૦
૨૧	રજકાનું બી	૩૧૦૦	૮૪૭૫
૨૨	મરચા લાંબા	૨૫૧૦	૫૪૦૦

બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૮૯૦	૧૯૮૫
૨	કપાસ મીડીયમ	૧૭૪૦	૧૮૭૦
૩	મગફળી	૧૪૧૦	૧૫૪૦
૪	તલ કાળા	૩૭૧૦	૩૯૦૦
૫	જીરૂ	૫૦૪૦	૫૧૬૦
૬	ચણા	૧૪૫૧	૧૪૮૫
૭	ઘઉં	૫૬૦	૬૬૧
૮	અડદ	૧૭૨૧	૧૮૦૦
૯	સોયાબીન	૧૫૧૦	૧૫૧૮

સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શીંગ જીણી	૧૩૦૦	૧૭૫૦
૨	શીંગ મોટી	૧૩૫૦	૧૬૫૦
૩	તલ સફેદ	૩૨૫૦	૩૭૫૦
૪	તલ કાળા	૩૨૨૧	૪૦૧૧
૫	જીરૂ	૪૬૦૦	૫૨૦૧
૬	કપાસ	૧૮૨૫	૧૬૦૦
૭	ઘઉં લોકવન	૫૬૦	૬૧૦
૮	ઘઉં ટુકડા	૬૦૦	૬૬૩
૯	બાજરો	૪૫૦	૫૮૪
૧૦	અડદ	૧૩૦૦	૧૮૭૦
૧૧	ચણા	૧૩૦૦	૧૪૬૦
૧૨	દેશી ચણા	૧૨૦૦	૧૪૩૦
૧૩	તુવેર	૧૩૦૦	૧૬૫૦
૧૪	એરંડી	–	૧૪૦૪
૧૫	ધાણા	૩૦૦૦	૩૨૦૫

બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૭૪૦	૧૯૨૦
૨	ઘઉં ટુકડા	૫૦૦	૬૦૧
૩	ઘઉં ટુકડા	૫૨૧	૬૨૭
૪	મગફળી	૧૩૫૦	૧૪૫૮
૫	ચણા	૧૧૦૦	૧૪૬૪
૬	સોયાબીન	૧૩૦૦	૧૪૬૫
૭	શીંગદાણા	૧૬૦૦	૧૬૦૦
૮	મેથી	૯૦૦	૧૩૩૦
૯	ચણા સફેદ	૧૩૧૨	૧૩૧૨
૧૦	ધાણા	૨૬૦૦	૩૦૦૦
૧૧	લસણ	૧૪૬૫	૧૫૦૦
૧૨	અડદ	૧૭૪૫	૧૮૦૦
૧૩	તલ કાળા	૩૦૦૦	૩૨૩૦

વડીયાના મહેરબાન જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની અદાલતમાં, મુ. વડીયા

અરજદારશ્રી : કટકિયા વીરૂભાઈ વલ્લભભાઈ, ઉ.વ. ૫૮, ધંધો: વેપાર રહે. અરજણસુખ તા. વડીયા, જી. અમરેલી, હાલ રે. નાના વરાછા, રૂક્ષ્મણી સોસાયટી, તાપી દર્શન સોસાયટીની સામે, મકાન નં.૫૧, મુ. સુરત, તા.જી.સુરત — ફો.પ.અ.નં. ૮૮/૨૦૨૬ — મુદ્દતતારીખ–૦૯/૧૨/૨૦૨૬

// વિરૂધ્ધ //

સામાવાળા : ૧. તલાટી કમ મંત્રીશ્રી અરજણસુખ ગ્રા.પં., તા. વડીયા, જી. અમરેલી

જન્મ–મરણ નોંધણી અધિનીયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા જાહેર નોટિસ

આથી લાગતા વળગતા સર્વેને આ નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર **કટકિયા વીરૂભાઈ વલ્લભભાઈ**, ઉ.વ. ૫૮, રહે. અરજણસુખ તા. વડીયા, જી. અમરેલી હાલ રહે. નાના વરાછા, રૂક્ષ્મણી સોસાયટી, તાપી દર્શન સોસાયટીની સામે, મકાન નં. ૫૧, મુ. સુરત, તા.જી. સુરત, વાળાએ જન્મ–મરણ નોંધ અધિનિયમ ની કલમ ૧૩(૩) અન્વયે આ કામના અરજદારની પુત્રી નામે **નેહલબેન વીરૂભાઈ કટકિયા** ના **જન્મતારીખ:–૧૪/૦૮/૨૦૦૦ ના રોજ અરજણસુખ મુકામે** થયેલ હોય અને ગ્રામ પંચાયત કચેરી અરજણસુખ, તા. વડીયા મુકામે જન્મનોંધ કરાવેલ ન હોય જેથી જન્મનોંધણીનો હુકમ મેળવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ હોય જે અરજીની મુદ્દત તારીખ–૦૯/૧૨/૨૦૨૬ રાખેલ હોય તો જે લાગતા વળગતા કોઈ ઈસમોને વાંધો તકરાર હોય તેમણે મુદ્દત તારીખનાં રોજ સવારનાં ૧૦:૩૦ કલાકે અત્રેની વડીયા કોર્ટમાં જાતે યા માહિતીગાર વકીલ મારફતે હાજર રહેવું અન્યથા આગળની યોગ્ય ન્યાયીક હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ રોજ તારીખ ૨૦/૧૧/૨૦૨૬નાં રોજ સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યાં

તૈયાર કરનાર (એમ.એલ.ઝાલા) બેન્ચ ક્લાર્ક ગ્રેડ–III જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટ, વડીયા

સિક્કો

અમારા રૂબરૂ (વાય.બી.ડોડીયા) રજીસ્ટ્રાર જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટ, વડીયા

જાહેર નોટિસ

મોજે–વડિયા તા.વડિયા–કુંકાવાવ, જી.અમરેલી, ખાતા નં. ૩૮૭ રે.સ.નં. ૧૩૭/૧, હેકટર ૨–૧૫–૪૯, 'કરાળ'

ઉપરોકત વિગતે ખેતીની જમીન **(૧) મંજુલાબેન ભીખાભાઈ વસોયા (૨) અશ્વિનભાઈ ભીખાભાઈ વસોયા (૩) અમિતભાઈ ભીખાભાઈ વસોયા** ના સંયુકત નામે આવેલ છે. આ ખેતીની જમીન તેમની સંપૂર્ણ માલીકીની, બીનબોજાની, બીન તકરારી તથા ન દાવા વાળી, હોવાનું જણાવી અમારા અસીલ ને વેંચાણ આપવાનું નકકી કરેલ છે.

તો ઉપરોકત જમીન કે તેના કોઈ પણ ભાગ ઉપર કોઈ પણ નાણાકિય સંસ્થા, બેંક, કંપની, પેઢી કે કોઈ પણ શખ્સનો કોઈ પ્રકાર નો હકક, હિત, હિસ્સો, સબંધ, લાગભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો, લીયન, ચાર્જ, હોય કે અન્ય હકક જેમ કે ઉપજ–નીપજ ખેતી/ગણોત/લીઝલાયસન્સ/કબજો ભોગવટો/ખાનાખત કે રહેણાંક કે વારસાઈ, ખેતરાવ રસ્તે ચાલવાના કે વરસાદી પાણીના નીકાલનો કે સિંચાઈના સાધન માંથી પાણી લઈ પીયત કરવાનો કે મજમું પૈયા, પઠા કે અન્ય કોઈ પ્રકારના હકક પોસાતા હોય તો જે તે સબંધકર્તાઓ એ તેમની જાણ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન–૦૮માં દસ્તાવેજી પુરાવા સહિત લેખીત માં રજીસ્ટર્ડ પોસ્ટ/કુરીયર/વોટસ એપથી નીચેના સરનામે/નંબર ઉપર કરવી, જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગ પરત્વે અન્ય કોઈના કોઈ જ હકક, હિત, હિસ્સો, સબંધ, લાગભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો, લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુસીથી જતા યાને (WAIVE) કરેલ છે તેમ સમજી અમારા અસીલ રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ કરાવી લેશે, ત્યારબાદ કોઈની કોઈ પણ પ્રકારની દાદ, ફરીયાદ, કે વિવાદ ચાલશે નહીં.

તારીખ : ૨૨/૧૧/૨૦૨૬ ... તે અમારા અસીલની સુચનાથી

ચંદ્રેશ આર.રોશનીયા
(એડવોકેટ)

ઠે. મેઈન બજાર, પુલ પાસે, મુ. વડિયા, (જી. અમરેલી)
મો.૯૯૨૫૩ ૦૪૪૪૯

જિલ્લા કોંગ્રેસ પ્રમુખે રાજય ચૂંટણી આયોગનાં અધિકારીને પત્ર પાઠવ્યો

અમરેલી જિલ્લામાં પ્રસિધ્ધ થનાર વોર્ડ વાઈઝ મતદાર યાદીમાં ગંભીર વિસંગતતાઓ દુર કરો : પ્રતાપ દુધાત

બાજુ-બાજુમાં રહેલ રહેણાંક મકાનનો અલગ-અલગ વોર્ડમાં સમાવેશ કરવો યોગ્ય નથી

અમરેલી, તા. ૨૧

અમરેલી જિલ્લામાં આગામી સમયમાં યોજાનાર ગ્રામ પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી અંતર્ગત વોર્ડ સીમાંકન અને ઘર-વાઈઝ મતદાર યાદી તૈયાર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. લોકશાહીનાં પાયા સમાન સ્થાનિક સ્વરાજયની આ ચૂંટણી પ્રક્રિયામાં ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ તેમજ રાજય ચૂંટણી આયોગની સ્પષ્ટ માર્ગદર્શિકા અને કાયદાકીય જોગવાઈઓનો ખુલ્લેઆમ ભંગ થતો હોવાનું અમારા ધ્યાને આવેલ છે. આ ગંભીર બેદરકારી અને રાજય ચુંટણી પંચનાં નિયમોનું ઉલ્લંઘન થઈ રહેલ છે.

વધુમાં જણાવેલ છે કે, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની જોગવાઈઓ અને રાજય ચૂંટણી આયોગનાં નિયમો મુજબ, ગ્રામ પંચાયતનાં દરેક વોર્ડમાં વસ્તી અને મતદારોની સંખ્યાનો રેશિયો શકય તેટલો સમાન હોવો અનિવાર્ય છે. પરંતુ હાલમાં તૈયાર કરવામાં આવેલ યાદીમાં વોર્ડ દીઠ મતદારોની સંખ્યામાં મોટો તફાવત (અસમાન વધ-ઘટ) જોવા મળે છે. આ પ્રકારની અસમાનતા વોર્ડ રચનાનાં મૂળભૂત બંધારણીય અને કાયદાકીય સિદ્ધાંતોની તદ્દન વિરૂધ્ધ જોવા મળી રહ્યું છે.



વધુમાં જણાવેલ છે કે, રાજય ચૂંટણી આયોગની સ્પષ્ટ સૂચના મુજબ, મતદાર યાદી તૈયાર કરતી વખતે મકાન નંબર મુજબ ભૌગોલિક સળંગતા જાળવવી ફરજિયાત છે. તેમ છતાં, હાલની યાદીમાં એક જ વિસ્તાર, શેરી કે ફળિયાનાં મતદારો હોવા છતાં એક ઘર એક વોર્ડમાં અને તેની બિલકુલ બાજુનું કે એક જ પરિવારનું બીજું ઘર અન્ય વોર્ડમાં સમાવિષ્ટ કરી દેવામાં આવેલ છે. આ પ્રકારની ઈરાદાપૂર્વકની કે બેદરકારીભરી વિસંગતતા સમગ્ર ચૂંટણી પ્રક્રિયાની નિષ્પક્ષતા અને પારદર્શિતા સામે ગંભીર પ્રશ્નાર્થ ઊભો કરે તેવી પરિસ્થિતિનું નિર્માણ ઉભું થયેલ છે જે કાયદાકીય રીતે સંપૂર્ણ અયોગ્ય છે.

વધુમાં જણાવેલ છે કે, આદેશ મુજબ તા. ૭/૧૧/૨૦૨૬થી આ મતદાર યાદી દરેક ગ્રામ પંચાયતનાં નોટિસ બોર્ડ પર જાહેર જનતાનાં નિરીક્ષણ માટે મૂકવાની સ્પષ્ટ સૂચના આપવામાં આવેલ હતી. પરંતુ અત્યંત ખેદજનક બાબત છે કે આજદિન સુધી જવાબદાર અધિકારીઓ દ્વારા ગ્રામ પંચાયતનાં નોટિસ બોર્ડ પર આ યાદી પ્રસિદ્ધ કરવામાં આવેલ નથી અને સ્થાનિક નાગરિકો કે મતદારોને યાદી જોવા દેવામાં આવતી નથી. મતદાર યાદી જાહેર ન કરીને નાગરિકોને પોતાના નામ, સરનામા કે વોર્ડ અંગેની ભૂલો સુધારવા તથા સમય મર્યાદામાં વાંધા-સૂચનો રજૂ કરવાના તેમના બંધારણીય અધિકારથી વંચિત રાખવામાં આવી રહ્યા છે.

ઉપરોક્ત તમામ ગંભીર મુદ્દાઓને તાત્કાલિક ધ્યાને લઈ રાજય ચૂંટણી આયોગની માર્ગદર્શિકા મુજબ દરેક વોર્ડમાં મતદારોની સંખ્યાનો યોગ્ય રેશિયો જાળવવા તથા ઘર-વાઈઝ અને ભૌગોલિક સળંગતા મુજબ એક જ વિસ્તાર, શેરી કે પરિવારનાં મતદારોને એક જ વોર્ડમાં રાખી તમામ વિસંગતતાઓ તાત્કાલિક અસરથી દૂર કરવામાં આવે. તથા દરેક ગ્રામ પંચાયતના નોટિસ બોર્ડ પર પારદર્શક રીતે મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવે અને લોકશાહીનાં હિતમાં અને નિષ્પક્ષ તેમજ પારદર્શક ચૂંટણી પ્રક્રિયા જળવાઈ રહે તે હેતુથી આ બાબતે તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી રજુઆત કરવામાં આવી છે.

ચિતલીયા પરિવાર દ્વારા

મુંબઈના કાંદિવલી ખાતે શ્રીમદ્ ભાગવત્ સપ્તાહ જ્ઞાનયજ્ઞ યોજાશે

વ્યાસપીઠે શાસ્ત્રી દિલીપભાઈ ભટ્ટ બિરાજશે

અમરેલી, તા. ૨૧

આગામી તા. ૨૫/૧૧/૨૬ કારતક વદ-એકમ બુધવારથી ચિતલીયા ઉષાબેન અનિલભાઈ તથા મનીષાબેન યોગેશભાઈ ચિતલીયા પરિવાર દ્વારા પિતૃ મોક્ષાર્થે દિવ્ય ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવેલ છે. કાંદિવલી વેસ્ટ ભૂલાભાઈ હોલ દિવ્ય દર્શન સોસાયટીના ''વૃંદાવન ધામ'' ખાતે સુંદર આયોજનની તડામાર તૈયારી થઈ રહી છે કથામાં આવતા દરેક પ્રસંગોને ખુબ જ ધામધુમથી ઉજવણી કરવામાં આવશે શ્રી કૃષ્ણ જન્મ તથા રૂક્ષ્મણી વિવાહના પ્રસંગોની ઉજવણી ઘણા જ ધામધુમથી સંપન્ન કરવામાં આવશે કથાની શોભાયાત્રા વિઠલનાથ મંદિર ભૂરાભાઈ હોલ નજીકથી બપોરના ૩ કલાકે પ્રસ્થાન થશે કથામાં હરિનામ લેખન-૫૧ લાખ નામ જપનું અનુષ્ઠાન પણ કરવામાં આવશે કથાના અંતિમ દિવસે ભંડારાનું આયોજન તથા મેડીકલ કેમ્પનું પણ આ સાથે આયોજન કરવામાં આવેલ છે.

આ કથાના વ્યાસાસને અમરેલીના જાણીતા કથાકાર શાસ્ત્રી દિલીપભાઈ ભટ્ટ બિરાજીને ભકિતમય વાણી દ્વારા કથારસનું અમૃતપાન કરાવશે વૈષ્ણવો ભકતજનોને કથાનો લાભ લેવા પધારવા ભાવભર્યુ નિમંત્રણ છે કથા સત્રનો સમય બપોરે ૨ થી ૬ સુધી રાખવામાં આવેલ છે. તેમ યાદીમાં જણાવ્યું છે.

અમરેલી : આઇ.ટી.આઇ. ખાતે દીક્ષાંત સમારોહનું આયોજન



અમરેલી, તા. ૨૧

આઇ.ટી.આઈ ખાતે દીક્ષાંત સમારોહ-૨૦૨૫નું આયોજન થયું હતું. જેમાં આઇ.ટી.આઈમાં પ્રથમ, દ્વિતીય, તેમજ તૃતીય ક્રમ મેળવનાર તાલીમાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે જિલ્લા શિક્ષણ અધિકારી ગોહિલ, આઈ.ટી. આઈ. પ્રિન્સિપાલ ડો. ભટ્ટ, જિલ્લા આચાર્ય સંઘ પ્રમુખ-મુકુંદભાઈ મહેતા તેમજ એસ.એચ.વી એનર્જી કંપની તરફથી અન્સારી ઉપસ્થિત રહ્યા હતા. તેમ આઈ.ટી.આઈ અમરેલીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

ભારત સાથે સંરક્ષણ સહયોગ મજબૂત કરવા અમેરિકાને ભલામણ

મહાસાગરમાં ચીનની વધતી નૌસૈન્ય હાજરી ભારત માટે ચિંતાનો વિષય

USCCના અહેવાલમાં ચીન અને પાકિસ્તાન વચ્ચે વધી રહેલા સૈન્ય સહયોગને ભારત માટે સંભવિત બે મોરચે સુરક્ષાના પડકાર તરીકે દર્શાવવામાં આવ્યો

નવી દિલ્હી, તા.૨૧

ભારત અને ચીન વચ્ચે સરહદી તણાવ તથા પાકિસ્તાન સાથેના સુરક્ષા પડકારો વચ્ચે અમેરિકાના એક મહત્ત્વપૂર્ણ અહેવાલમાં ભારતની સુરક્ષાને લઈને ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. અમેરિકન કોંગ્રેસના યુએસ-ચાઈના ઈકોનોમિક એન્ડ સિક્યોરિટી રિવ્યૂ કમિશન (USCC)ના અહેવાલમાં ચીન અને પાકિસ્તાન વચ્ચે વધી રહેલા સૈન્ય સહયોગને ભારત માટે સંભવિત બે મોરચે સુરક્ષાના પડકાર તરીકે દર્શાવવામાં આવ્યો છે. આ ઉપરાંત હિંદ મહાસાગરમાં ચીનની વધતી નૌસૈન્ય હાજરીને ધ્યાનમાં રાખીને ભારત અને અમેરિકા વચ્ચે સંરક્ષણ ક્ષેત્રે સહયોગ વધારવાની ભલામણ કરવામાં આવી છે.

'China's Other Front: India and the Future of US Strategy in the Indo-Pacific' શીર્ષક હેઠળ રજૂ કરાયેલા અહેવાલમાં જણાવાયું છે કે ચીન ભારતના વધતા આર્થિક અને સૈન્ય પ્રભાવને પ્રાદેશિક પડકાર તરીકે જુએ છે. ભારત પર સૈન્ય, આર્થિક અને દરિયાઈ ક્ષેત્રે દબાણ વધારવાની ચીનની વ્યૂહરચના અંગે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. ચીન અને પાકિસ્તાન વચ્ચેના વધતા સંરક્ષણ સંબંધો ભારતની સુરક્ષા સ્થિતિને વધુ જટિલ બનાવી શકે છે તેમ અહેવાલમાં જણાવાયું છે.

મે ૨૦૨૫માં ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલા સૈન્ય સંઘર્ષનો ઉલ્લેખ કરતાં અહેવાલમાં જણાવાયું છે કે ચીન સીધા યુદ્ધમાં સામેલ થયા વિના પણ સંકટના સમયે પાકિસ્તાનને સહાય પૂરી પાડી શકે છે. ઓપરેશન સિંદૂર દરમિયાન સામે આવેલી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ભવિષ્યમાં પાકિસ્તાન સાથે સંઘર્ષ થાય તો ચીનની સંભવિત ભૂમિકા ભારત માટે સુરક્ષાનો પડકાર બની શકે છે. અહેવાલમાં હિંદ મહાસાગરમાં ચીનની વધતી નૌસૈન્ય અને દેખરેખની પ્રવૃત્તિઓ અંગે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. ચીનનાં નૌકાદળનાં જહાજો, સબમરીન અને સંશોધન જહાજોની આ વિસ્તારમાં વધતી અવરજવર ભારતના પરંપરાગત વ્યૂહાત્મક પ્રભાવને પડકારી રહી હોવાનું જણાવાયું છે. ચીન આ વિસ્તારમાં નૌસૈન્ય તૈનાતી માટે જરૂરી માળખાકીય સુવિધાઓ અને લોજિસ્ટિક્સ વ્યવસ્થા પણ વિકસાવી રહ્યું છે.

વર્ષ ૨૦૨૦માં ગલવાન ખીણમાં થયેલી અથડામણ બાદ ભારત અને ચીન વચ્ચેના સંબંધોમાં તણાવ વધ્યો હતો. વર્ષ ૨૦૨૪ના અંતથી બંને દેશોએ સંબંધો સામાન્ય બનાવવાની દિશામાં પ્રયાસો શરૂ કર્યા હોવા છતાં સરહદી વિવાદ અને પરસ્પર અવિશ્વાસ યથાવત છે. ભારતનું સ્પષ્ટ વલણ રહ્યું છે કે સરહદ પર શાંતિ અને સ્થિરતા જાળવ્યા વિના બંને દેશો વચ્ચે સંપૂર્ણ સામાન્ય સંબંધો સ્થાપિત થઈ શકે નહીં.

ચીનની વધતી પ્રાદેશિક અને દરિયાઈ હાજરીનો સામનો કરવોજીઝઝએ અમેરિકન કોંગ્રેસને ભારત સાથે સંરક્ષણ સહયોગ વધુ મજબૂત કરવાની ભલામણ કરી છે. ખાસ કરીને હિંદ મહાસાગરમાં દરિયાઈ સુરક્ષા, ગુપ્તચર માહિતીની આપ-લે અને ચીનનાં નૌકાદળ તથા સબમરીનની ગતિવિધિઓ પર સંયુક્ત દેખરેખ વધારવા સૂચવાયું છે.

આ ઉપરાંત બંને દેશો વચ્ચે સંરક્ષણ, સરકારી, વ્યાપારી અને શૈક્ષણિક ક્ષેત્રના નેતાઓ વચ્ચે લાંબા ગાળાના સંબંધો વિકસાવવા વ્યૂહાત્મક નેતૃત્વ વિનિમય કાર્યક્રમ શરૂ કરવાની પણ ભલામણ કરવામાં આવી છે.

અમેરિકન કમિશનના આ અહેવાલથી ભારતની આસપાસ બદલાતા સુરક્ષા સમીકરણો ફરી ચર્ચામાં આવ્યાં છે. જોકે, ચીન અને પાકિસ્તાન ભારત સામે સંયુક્ત યુદ્ધની કોઈ સત્તાવાર યોજના બનાવી રહ્યાં હોવાનો પુરાવો આ અહેવાલ રજૂ કરતો નથી. તેમ છતાં બંને દેશો વચ્ચેના વધતા સૈન્ય સહયોગને ધ્યાનમાં રાખીને ભારતે સરહદી તેમજ દરિયાઈ સુરક્ષા વધુ મજબૂત બનાવવાની જરૂરિયાત પર ભાર મૂકાયો છે.

તોડફોડ કરી ૭ દિવસનું અલ્ટીમેટમ આપ્યું

મેટાની હૈદરાબાદ ઓફિસમાં યુથ કોંગ્રેસના કાર્યકરોનો હોબાળો

હૈદરાબાદ, તા.૨૧

ઈન્ડિયન યુથ કોંગ્રેસના બે હોદ્દેદારોના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર પ્રતિબંધ મૂકવામાં આવતાં તેલંગાણા યુથ કોંગ્રેસના કાર્યકરોએ શુક્રવારે હૈદરાબાદ સ્થિત મેટાની ઓફિસમાં હોબાળો મચાવ્યો હતો. પ્રદેશ અધ્યક્ષ જક્કીડી શિવચરણ રેડ્ડીની આગેવાનીમાં કાર્યકરોએ ઓફિસ પરિસરમાં તોડફોડ કરી ફૂલનાં કૂંડાં ફેંક્યાં હતાં. આ દરમિયાન મેટા અને કેન્દ્ર સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરીને પ્રતિબંધિત એકાઉન્ટ અને પોસ્ટ્સ પુનઃસ્થાપિત કરવાની માંગ કરવામાં આવી હતી.

અહેવાલો અનુસાર, યુથ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ ઉદય ભાનુ ચિબ અને રાષ્ટ્રીય પ્રભારી મનીષ શર્માના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યા છે. આ કાર્યવાહીથી નારાજ કાર્યકરોએ મેટાની ઓફિસમાં વિરોધ નોંધાવ્યો હતો. ઘટનાના વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે, જેમાં કાર્યકરો ઓફિસના કોરિડોર અને કેફેટેરિયા વિસ્તારમાં હોબાળો કરતા જોવા મળે છે. યુથ કોંગ્રેસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર પોસ્ટ કરીને મેટાને સાત દિવસનું અલ્ટીમેટમ આપ્યું છે. સંગઠને પ્રતિબંધિત એકાઉન્ટ અને પોસ્ટ્સ ફરી શરૂ કરવાની સાથે છેલ્લા છ મહિનામાં સરકારી આદેશના આધારે કેટલાં ભારતીય એકાઉન્ટ બંધ કરવામાં આવ્યાં તેની વિગતો જાહેર કરવાની માંગ કરી છે.

આ ઉપરાંત રાહુલ ગાંધીનો ઉલ્લેખ કરતી અથવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપની ટીકા કરતી પોસ્ટ્સ પર પ્રતિબંધ મૂકવા પાછળનું કારણ સ્પષ્ટ કરવા તથા વિપક્ષી નેતાઓ, પત્રકારો અને કન્ટેન્ટ ક્રિએટર્સ પરના કથિત અયોગ્ય પ્રતિબંધો દૂર કરવાની માંગ પણ કરવામાં આવી છે.

હૈદરાબાદની ઘટનાની સાથે મુંબઈના BKC વિસ્તારમાં આવેલી મેટાની ઓફિસ બહાર પણ યુથ કોંગ્રેસના કાર્યકરોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. મુંબઈ યુથ કોંગ્રેસનાં પ્રમુખ ઝીનત શબરીનના નેતૃત્વમાં યોજાયેલા પ્રદર્શનમાં ભાજપ અને આરએસએસ પર વિરોધી અવાજોને દબાવવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. આ દરમિયાન કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવનાં પોસ્ટર પણ સળગાવવામાં આવ્યાં હતાં.

મેટાની ઓફિસમાં થયેલી તોડફોડની ઘટના બાદ ભાજપ અને તેલંગાણાના વિપક્ષી પક્ષ મ્ઈજીએ કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. ભાજપના પ્રવક્તા પ્રદીપ ભંડારીએ કોંગ્રેસની ટીકા કરતાં તેને ખાનગી કંપનીઓની ઓફિસોમાં તોડફોડ કરનાર પક્ષ ગણાવ્યો હતો.

BRSના નેતા કે.ટી. રામા રાવે પણ આ ઘટનાની નિંદા કરી હતી. તેમણે રાહુલ ગાંધીને સવાલ કરતાં જણાવ્યું હતું કે ખાનગી કંપનીઓને ભારતમાં લાવવાની આ કોઈ યોગ્ય રીત નથી. હૈદરાબાદની બ્રાન્ડ ઈમેજ અને રોજગારી સાથે જોડાયેલા વિશ્વાસને આવી ઘટનાઓથી નુકસાન પહોંચી શકે છે.

દરમિયાન સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે પણ મેટાના મુદ્દે પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે વિદેશી કંપનીઓએ ભારતમાં વેપાર કરવો જોઈએ, રાજકારણ નહીં. કંપનીઓએ તમામ પક્ષો સાથે સમાન વ્યવહાર કરવો જોઈએ અને સરકારે પણ વિદેશી કંપનીઓના વ્યવસાયનું રાજકીયકરણ ટાળવું જોઈએ.

NIAને માહિતી આપવામાં ચીનનો અસહકાર

પહલગામ આતંકી હુમલામાં વપરાયેલા GoPro કેમેરાનું ચીન કનેક્શન

અમેરિકામાં બનેલો કેમેરો લશ્કર-એ-તૈયબાના આતંકીઓના હાથમાં કેવી રીતે આવ્યો તેની તપાસમાં ચીનનો જવાબ મળતો નથી

નવી દિલ્હી, તા.૨૧

જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકી હુમલાની તપાસ દરમિયાન આંતરરાષ્ટ્રીય સપ્લાય ચેઈનનું મહત્ત્વનું પાસું સામે આવ્યું છે. રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA)ના ડિરેક્ટર જનરલ રાકેશ અગ્રવાલના જણાવ્યા અનુસાર, હુમલાની જવાબદારી લેનારા આતંકવાદીઓ પાસેથી અમેરિકામાં બનેલો GoPro કેમેરો મળી આવ્યો હતો. આ કેમેરો ચીનના કોમર્શિયલ ડિસ્ટ્રિબ્યુટર સુધી પહોંચ્યો હોવાની માહિતી મળ્યા બાદ ભારતે ચીન પાસે વધુ વિગતો માગી હતી. જોકે, આ અંગે ચીન તરફથી હજુ સુધી કોઈ જવાબ મળ્યો નથી.

તપાસ દરમિયાન NIAએ GoPro કેમેરાના ઉત્પાદક અમેરિકન કંપનીનો સંપર્ક કર્યો હતો. તપાસ એજન્સી એ જાણવા માગતી હતી કે સંબંધિત કેમેરાનું વેચાણ ક્યાં કરવામાં આવ્યું હતું અને તેની સપ્લાય ચેઇન શું હતી. કંપની તરફથી મળેલી માહિતી અનુસાર, આ કેમેરો મૂળ ચીનના એક કોમર્શિયલ ડિસ્ટ્રિબ્યુટરને મોકલવામાં આવ્યો હતો. આ માહિતીના આધારે ભારતે ચીનનો સંપર્ક કરીને કેમેરાના વેચાણ, વિતરણ અને ત્યારબાદ તેની હિલચાલ અંગે જરૂરી વિગતો માગી હતી. જોકે, ચીન તરફથી કોઈ જવાબ આપવામાં આવ્યો ન હોવાનું તપાસ સાથે સંકળાયેલી વિગતોમાં જણાવાયું છે. પહલગામ હુમલા બાદ દાચીગામના જંગલ વિસ્તારમાં થયેલી અથડામણમાં માર્યા ગયેલા આતંકીઓ પાસેથી પણ હાઇ-ટેક કેમેરો મળી આવ્યો હોવાનું સામે આવ્યું હતું. આ ઘટનાએ આતંકવાદી સંગઠનો સુધી આધુનિક ટેક્નોલોજી અને ઇલેક્ટ્રોનિક ઉપકરણો પહોંચાડતી સપ્લાય ચેઇન અંગે તપાસ એજન્સીઓનું ધ્યાન દોર્યું છે.

તપાસ એજન્સીઓ હવે એ દિશામાં પણ તપાસ કરી રહી છે કે અમેરિકામાં ઉત્પાદિત કેમેરા ચીનના ડિસ્ટ્રિબ્યુટર સુધી પહોંચ્યા બાદ આતંકવાદીઓના હાથમાં કેવી રીતે પહોંચ્યો હતો. આ પ્રક્રિયામાં કયા મધ્યસ્થીઓ કે અન્ય લોકો સામેલ હતા તેની વિગતો મેળવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

તપાસ અધિકારીઓના મતે, આતંકવાદી સંગઠનોને મળતા ટેક્નોલોજીકલ સપોર્ટ અને આંતરરાષ્ટ્રીય સપ્લાય નેટવર્કની કડીઓ શોધવી જરૂરી છે. કેમેરાની સપ્લાય ચેઇન અંગેની તપાસથી આતંકી સંગઠનોને મદદ પૂરી પાડતા નેટવર્ક અને તેમની કાર્યપદ્ધતિ અંગે વધુ વિગતો સામે આવી શકે છે.પહલગામ હુમલાની તપાસમાં હવે માત્ર હુમલાખોરો અને તેમના સ્થાનિક સંપર્કો જ નહીં, પરંતુ આતંકવાદીઓ સુધી આધુનિક ઉપકરણો પહોંચાડતી આંતરરાષ્ટ્રીય સપ્લાય ચેઇન પણ તપાસના કેન્દ્રમાં આવી છે.

ભારતીય વાયુસેનાએ આંકડા ફગાવ્યા

ભારતના ૩૬માંથી ૪ રાફેલ જેટ ગુમ થયાનો દાવો : બ્રિટિશ મેગેઝિનના રિપોર્ટથી વિવાદ

પાકિસ્તાની મીડિયાએ પોતાના દાવા સાથે જોડ્યા આંકડા, ભારતે તમામ ૩૬ વિમાન ઉપલબ્ધ હોવાનો પક્ષ રજૂ કર્યો

નવી દિલ્હી, તા.૨૧

ભારત અને પાકિસ્તાન વચ્ચે મે ૨૦૨૫માં થયેલા સૈન્ય સંઘર્ષ બાદ રાફેલ ફાઇટર જેટને લઈને ફરી વિવાદ ઊભો થયો છે. બ્રિટિશ એવિએશન મેગેઝિન ફ્લાઇટગ્લોબલની તાજેતરમાં પ્રકાશિત વર્લ્ડ એર ફોર્સીસ ડિરેક્ટરી ૨૦૨૬માં ભારતીય વાયુસેના પાસે ૩૬ને બદલે માત્ર ૩૨ રાફેલ વિમાન હોવાનું દર્શાવવામાં આવ્યું છે. આ આંકડા સામે આવતાં જ પાકિસ્તાની મીડિયા અને ભારતના વિપક્ષ દ્વારા સવાલો ઉઠાવવામાં આવ્યા છે. જોકે, ભારતીય સંરક્ષણ વર્તુળો અને ભૂતપૂર્વ વાયુસેના અધિકારીઓએ આ દાવાને નકારી કાઢ્યો છે. બ્રિટિશ મેગેઝિન ફ્લાઇટગ્લોબલ દ્વારા એમ્બ્રેરના સહયોગથી તૈયાર કરવામાં આવેલી વર્લ્ડ એર ફોર્સીસ ડિરેક્ટરી ૨૦૨૬માં ભારતીય વાયુસેનાના રાફેલ વિમાનોની સંખ્યા ૩૨ દર્શાવવામાં આવી છે. જ્યારે ભારતે ફ્રાન્સ પાસેથી કુલ ૩૬ રાફેલ વિમાનો ખરીદ્યાં હતાં.

નોંધનીય છે કે નવેમ્બર ૨૦૨૫માં પ્રકાશિત થયેલી અગાઉની આવૃત્તિમાં ૩૫ રાફેલ વિમાનો સક્રિય હોવાનું દર્શાવાયું હતું. નવી આવૃત્તિમાં આ સંખ્યા ઘટાડીને ૩૨ કરવામાં આવી છે. જોકે, આ ઘટાડા પાછળનું ચોક્કસ કારણ કે કોઈ આધારભૂત પુરાવો રિપોર્ટમાં આપવામાં આવ્યો નથી. રિપોર્ટ પ્રકાશિત થતાં જ પાકિસ્તાની મીડિયાએ તેને મે ૨૦૨૫ના સૈન્ય સંઘર્ષ દરમિયાન ભારતનાં ચાર રાફેલ વિમાનો તોડી પાડવાના પોતાના દાવા સાથે જોડ્યો છે. પાકિસ્તાનના આ દાવા અગાઉથી જ વિવાદાસ્પદ રહ્યા છે. જોકે, માત્ર ફ્લાઇટગ્લોબલના આંકડાથી ચાર રાફેલ વિમાનો તોડી પડાયાં હોવાનું સાબિત થતું નથી.

ભારતીય વાયુસેનાના ભૂતપૂર્વ વાઇસ ચીફ એર માર્શલ નર્મદેશ્વર તિવારી (નિવૃત્ત)એ આ રિપોર્ટના આંકડાઓ સામે સવાલો ઉઠાવ્યા છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ૪ પર આ આંકડાઓને સ્પષ્ટપણે ખોટા ગણાવી મેગેઝિનને પોતાના માહિતીના સ્ત્રોતોની ફરી તપાસ કરવાની સલાહ આપી હતી. તેમના જણાવ્યા અનુસાર, અગાઉ પાકિસ્તાન દ્વારા તોડી પાડવામાં આવ્યા હોવાનો દાવો કરાયેલા રાફેલ વિમાનોના ચોક્કસ ટેલ નંબરો પણ સામે આવ્યા હતા. જોકે, તે જ નંબર ધરાવતા વિમાનો બાદમાં આંતરરાષ્ટ્રીય કવાયતો અને અન્ય પ્રસંગોએ જોવા મળ્યાં હતાં.

આ વિવાદ વચ્ચે જૂન ૨૦૨૬માં ભારતીય વાયુસેના દ્વારા તમામ ૩૬ રાફેલ વિમાનો માટે ટેકનિકલ અને લોજિસ્ટિક્સ સપોર્ટ સંબંધિત ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હોવાનો અહેવાલમાં ઉલ્લેખ છે. આ મુદ્દાને ૩૬ વિમાનોના કાફલાની સ્થિતિ અંગેના દાવાના સમર્થનમાં રજૂ કરવામાં આવ્યો છે. સંરક્ષણ નિષ્ણાતોના મતે, આંતરરાષ્ટ્રીય એવિએશન ડેટાબેઝમાં દર્શાવાતી સક્રિય વિમાનોની સંખ્યા અને કોઈ દેશ પાસે રહેલા કુલ વિમાનોની સંખ્યા અલગ હોઈ શકે છે. નિયમિત મેન્ટેનન્સ, અપગ્રેડેશન કે સમારકામના કારણે પણ સક્રિય વિમાનોની સંખ્યા બદલાઈ શકે છે.

અન્ય મહિલા સાથેનો ફોટો જોઈ માર માર્યો

AIના ફેક ફોટાએ પતિ-પત્ની વચ્ચે કરાવ્યો મોટો ઝઘડો

ઉત્તર પ્રદેશના ઈટાવાની ઘટના; પતિનો દાવો, AIથી બનાવેલા ફોટાને પત્નીએ સાચો માની લીધો, મામલો પોલીસ સુધી પહોંચ્યો

ઈટાવા તા. ૨૧

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ના વધતા ઉપયોગ વચ્ચે તેના દુરુપયોગના કિસ્સાઓ પણ સામે આવી રહ્યા છે. ઉત્તર પ્રદેશના ઈટાવામાં AI દ્વારા બનાવવામાં આવેલા એક કથિત ફેક ફોટાને કારણે પતિ-પત્ની વચ્ચે મોટો વિવાદ સર્જાયો હતો. અન્ય મહિલા સાથેનો ફોટો જોઈને પત્નીએ પતિ પર શંકા વ્યક્ત કરી હતી અને ગુસ્સામાં હોસ્પિટલમાં પહોંચી તેની સાથે મારામારી કરી હોવાનો આક્ષેપ થયો છે. સમગ્ર મામલો પોલીસ સુધી પહોંચ્યો છે.

મળતી માહિતી મુજબ, ઈટાવામાં રહેતો અંકિત નામનો યુવક ખાનગી હોસ્પિટલના અલ્ટ્રાસાઉન્ડ વિભાગમાં નોકરી કરે છે. તે ડોક્ટરના સહાયક તરીકે પણ ફરજ બજાવે છે. અંકિતનાં લગ્ન છ વર્ષ પહેલાં થયાં હતાં અને તેની પત્ની સરકારી શાળામાં શિક્ષિકા તરીકે નોકરી કરે છે.

અંકિતના જણાવ્યા અનુસાર, તેની પત્નીએ અન્ય મહિલા સાથેનો તેનો એક ફોટો જોયો હતો. આ ફોટો AIની મદદથી બનાવવામાં આવ્યો હોવા છતાં પત્નીએ તેને અસલી માની લીધો હતો. ફોટો જોઈને ગુસ્સે ભરાયેલી પત્ની સીધી તે હોસ્પિટલમાં પહોંચી હતી, જ્યાં અંકિત નોકરી કરતો હતો. ત્યાં જ તેણે પતિ સાથે ઝઘડો કરીને મારામારી કરી હોવાનો અંકિતે આરોપ લગાવ્યો છે. અંકિતે જણાવ્યું હતું કે અન્ય મહિલા સાથેનો દેખાતો ફોટો વાસ્તવિક નહોતો, પરંતુ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી તૈયાર કરવામાં આવ્યો હતો. તેણે પત્નીને ફોટાની હકીકત સમજાવવાનો પ્રયાસ કર્યો હોવા છતાં વિવાદ વધ્યો હતો. અંકિતનો દાવો છે કે AIથી બનાવવામાં આવેલા ખોટા ફોટાને કારણે તેને શારીરિક મારામારીનો સામનો કરવો પડ્યો હતો.

આ ઘટનાને પગલે અંકિતે પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, અહેવાલ મુજબ પોલીસે તેને સમજાવીને ઘરે પરત મોકલી દીધો હતો. બીજી તરફ, આ સમગ્ર મામલે પત્નીનું કોઈ સત્તાવાર નિવેદન સામે આવ્યું નથી.

AI ટેક્નોલોજીની મદદથી કોઈપણ વ્યક્તિના ચહેરા અને તસવીરોમાં ફેરફાર કરીને વાસ્તવિક લાગતા ફોટા તૈયાર કરી શકાય છે. આવા ફોટા સાચા છે કે ખોટા તેની ખાતરી કર્યા વિના કોઈ નિષ્કર્ષ પર પહોંચવાથી વ્યક્તિગત સંબંધોમાં વિવાદ ઊભો થઈ શકે છે. ઈટાવાની આ ઘટના ડિજિટલ તસવીરોની સત્યતા ચકાસ્યા વિના તેના આધારે પ્રતિક્રિયા આપવાના જોખમ તરફ પણ ધ્યાન દોરે છે.

સીમાંકન બિલ પર સસ્પેન્સ

ચોમાસુ સત્રના ૧૦૦ દિવસ બાદ પણ સત્રાવસાન નહીં

બે-તૃતીયાંશ બહુમતી માટે સરકારના પ્રયાસો વચ્ચે કોંગ્રેસનો વિકસિત ભારત સુધી બેઠકો સ્થિર રાખવાનો મત

નવી દિલ્હી, તા.૨૧

મહિલા અનામત લાગુ કરવા માટે મતવિસ્તારોના પુનર્ગઠન (સીમાંકન)ને જોડતું બંધારણ સુધારા બિલ પસાર કરવા કેન્દ્ર સરકાર વિશેષ બેઠક અંગે વિચારણા કરી રહી છે, ત્યારે સંસદનું ચોમાસુ સત્ર શનિવારે રેકોર્ડ ૧૦૦ દિવસ સુધી સત્રાવસાન કર્યા વિના ચાલુ રહ્યું હતું.

અગાઉ વર્ષ ૨૦૦૮માં સત્રાવસાન વિના ૮૭ દિવસનો રેકોર્ડ નોંધાયો હતો. ઉલ્લેખનીય છે કે ૧૩ ઓગસ્ટના રોજ બંને ગૃહોને અનિશ્ચિત સમય માટે સ્થગિત કરાયા હતા, પરંતુ સત્રાવસાનની ઔપચારિક જાહેરાત થઈ નથી. ચર્ચા હેઠળના આ સુધારાથી લોકસભાની બેઠકો ૫૪૩થી વધીને મહત્તમ ૮૫૦ થઈ શકે છે, જેનાથી ૨૦૨૯ની ચૂંટણી પહેલાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામતનો માર્ગ મોકળો થશે. દક્ષિણના રાજ્યોની ચિંતા દૂર કરવા દરેક રાજ્યમાં ૫૦ ટકા બેઠકો વધારવા અથવા



દોઢ દાયકામાં કરોડો રૂપિયાનો ચુનો સરકારી તિજોરીને લાગી ગયો છતાં પણ

શેત્રુંજી નદીમાંથી થતી રેતી ચોરી અટકાવવામાં તંત્ર નિષ્ફળ

મહિનાઓમાં એકાદ વખત ખાણ–ખનિજ કે મહેસુલ વિભાગ રેતી ચોરી ઝડપી લઈને સંતોષ માને છે

વહીવટીતંત્રની નાક નીચે સરા જાહેર રેતી ચોરી છતાં એક પણ જનપ્રતિનિધિ બોલવા તૈયાર નથી

કયાં કારણોસર રેતી ચોરી સામે આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે તેની તપાસ થવી જરૂરી

મુખ્યમંત્રીએ ફ્લાઈંગ સ્કવોર્ડ દ્વારા રેતી ચોરીની ગેરરીતિ ઝડપી લેવી જોઈએ

અમરેલી, તા. ૨૧

અમરેલી–લીલીયા પંથકમાંથી પસાર થતી શેત્રુંજી નદીમાંથી છેલ્લા દોઢ દાયકાથી ખુલ્લેઆમ રેતી ચોરી થઈ રહી છે અને છતાં પણ ખાણ–ખનિજ, મહેસુલ વિભાગ રેતી ચોરીનું દુષણ સંપૂર્ણપણે બંધ કરાવી શકયું નથી.

શેત્રુંજી નદીમાં એશિયાટીક સિંહોનો વસવાટ કે અવરજવર હોવાથી સુરક્ષા અર્થે નદીમાંથી રેતી ચોરી ઉપર સંપૂર્ણ પ્રતિબંધ હોવા છતાં દોઢ દાયકાથી ટ્રેકટર, ડમ્પર, જેસીબીની મદદથી દર વર્ષે કરોડો રૂપિયાની રેતી ચોરી થઈ રહી છે. રેતી ચોરી અટકાવવાની જવાબદારી



ખાણ–ખનિજ અને મહેસુલ વિભાગની છે. બંને વિભાગ મહિને–બે મહિને એક–બે વાર રેતી ચોરી કરતાં વાહનોને ઝડપી લઈને કામગીરી કર્યાનો સંતોષ માની લે છે.

રેતી ચોરી કરતાં વાહનો નંબર પ્લેટ વગરનાં છે. હાઈવે ઉપર સીસીટીવી કેમેરા હોવા છતાં પણ મહેસુલ કે ખાણ–ખનિજ વિભાગ રેતી ચોરી અટકાવતો ન હોય પર્યાવરણ

અનુસંધાન પાના ૬ ઉપર

સિંહ–દીપડાનાં રેસ્કયુ તો જોયા હશે પરંતુ

ધારીમાં બળદનું કરાયું દિલધડક રેસ્કયુ ઓપરેશન

કુવામાં ખાબકેલા બળદને બચાવવા ક્રેઈનનો સહારો લેવાયો

અમરેલી, તા. ૨૧

અમરેલીજિલ્લામાં સિંહ અને દીપડાના અનેક રેસ્કયૂ ઓપરેશનની ઘટનાઓ સામે આવતી રહે છે, પરંતુ ધારીમાં એક બળદને બચાવવા માટે હાથ ધરવામાં આવેલું દિલધડક રેસ્કયૂ ઓપરેશન હાલ ચર્ચાનું કેન્દ્ર બન્યું છે. જેમાં ધારીના ખાંભા માર્ગ પર કૂવામાં ખાબકેલા બળદને બચાવવા માટે ક્રેઈનની મદદથી અનોખું રેસ્કયૂ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ, કૂવામાં પડી ગયેલા બળદને બહાર કાઢવા માટે રમેશભાઈ આહિર દ્વારા ક્રેઈનની મદદ લેવામાં આવી હતી. આ દરમિયાન ક્રેઈનના સહારે લટકીને કૂવામાં ઉતરી બળદને સુરક્ષિત રીતે બાંધવાની



કામગીરી કરવામાં આવી હતી. ત્યારબાદ ક્રેઈન દ્વારા બળદને ધીમે ધીમે કૂવામાંથી બહાર કાઢવાની કવાયત હાથ ધરાઈ હતી.

આ સમગ્ર રેસ્કયૂ ઓપરેશન દરમિયાન ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી અને અંદાજે બે કલાકની મહેનત બાદ આખરે બળદને હેમખેમ કૂવામાંથી બહાર કાઢવામાં સફળતા મળી હતી. બળદને બચાવવા માટે કરવામાં આવેલી આ હિંમતભરી કામગીરીનો વીડિયો કોઈએ પોતાના મોબાઈલ કેમેરામાં કેદ કરી સોશ્યલ મીડિયામાં વહેતો કરતાં વાયરલ થયો છે.

સામાન્ય રીતે વન્ય પ્રાણીઓના રેસ્કયૂ માટે જાણીતા અમરેલી જિલ્લામાં એક અબોલ પશુનો જીવ બચાવવા હાથ ધરાયેલા આ અનોખા રેસ્કયૂ ઓપરેશનની લોકોમાં પ્રશંસા થઈ રહી છે.

જિલ્લાનાં દિગ્ગજ સહકારી દિલીપ સંઘાણીનાં પરિવારનાં યુવાએ નામ રોશન કર્યું

અમરેલીનાં યુવા અગ્રણી હર્ષ સંઘાણી દ્વારા સ્થાપિત યુવા સંચાલિત સહકારી સંસ્થાને ''એકસેલન્સ ઈન કો–ઓપરેટિવ ઈનોવેશન'' પુરસ્કાર એનાયત

આ સન્માન એવા યુવા સહકારી કાર્યકરોને બિરદાવે છે જેઓ સેવા કરતાં સાહસોનું નિર્માણ કરી રહ્યા છે



અમરેલી, તા. ૨૧

ચાણકયપુરી સ્થિત ''ધ અશોક હોટેલ'' ખાતે યોજાયેલ ''ઈન્ડિયન કોઓપરેટિવ સમિટ એન્ડ એકસેલન્સ એવોર્ડસ ૨૦૨૬''માં ''ઈન્ડિયન યુથ કોઓપરેટિવ સોસાયટી લિ.''ને ''એકસેલન્સ ઈન કોઓપરેટિવ ઈનોવેશન'' પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો. સંસ્થા વતી આઈવાયસીએસનાં ડાયરેકટર મીત માંગરોલિયા અને ''ટેક કોઓપરેટિવ'' ગ્રુપનું નેતૃત્વ કરતા ક્રિશ મોદીએ આ પુરસ્કાર સ્વીકાર્યો. આઈવાયસીએસ પોતાને ભારતની સૌ પ્રથમ એવી સહકારી સંસ્થા તરીકે વર્ણવે છે જે યુવાનો દ્વારા, યુવાનો માટે અને યુવાનો માટે કાર્યરત છે. તે ટેકનોલોજી, કૌશલ્ય વિકાસ, સ્વચ્છ ઊર્જા અને ટકાઉપણું (સસ્ટેનેબિલિટી), તથા ઉદ્યોગસાહસિકતા અને નવીનતા સહિતનાં સાત વિભાગોમાં કામ કરે છે. આ ઉપરાંત, તે એક ''કોઓપરેટિવ ઈન્ક્યુબેટર'' પણ ચલાવે છે, જે યુવા સભ્યોને તેમના વિચારોને સહકારી સાહસોમાં પરિવર્તિત કરવામાં મદદ કરે છે. સંસ્થાના સ્થાપક અને પ્રમુખ હર્ષ સંઘાણી, ''આઈસીએ યુથ કમિટી''નાં પ્રમુખ તરીકે પણ સેવા આપે છે. તેઓ ૨૦૨૫થી આ પદ પર છે અને ૨૦૨૬–૨૦૩૦નાં કાર્યકાળ માટે ફરીથી બિનહરીફ ચૂંટાયા છે.

અવતરણ : ''યુવાનોમાં રોકાણ કરો અને તમે નેતાઓનું ઘડતર કરશો. સહકારી ક્ષેત્રમાં રોકાણ કરો અને તમે સમાજનું ઘડતર કરશો. આ પુરસ્કારએ વાતનો પુરાવો છે કે આ બંને બાબતો એક સાથે થઈ શકે છે.'' તેમ હર્ષ સંઘાણી, સ્થાપક અને પ્રમુખ, આઈવાયસીએસએ જણાવ્યું હતું.

સુવાગઢ–જલાલપુરનાં કાચા માર્ગ ઉપર

જુગાર રમતા ૭ પત્તાપ્રેમીઓ રૂપિયા ૬૩,૫૬૦નાં મુદ્દામાલ સાથે ઝડપાયા

દામનગર પોલીસે નિયમ અનુસાર કાર્યવાહી હાથ ધરી

અમરેલી, તા. ૨૧

દામનગર પોલીસને મળેલી બાતમીનાં આધારે સુવાગઢથી જલાલપુર ગામ તરફ જવાનાં કાચા રસ્તા પર આવેલા જુગારધામ પર પોલીસ દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન જાહેરમાં પૈસા–પાના વડે તીનપત્તીનો હારજીતનો જુગાર રમતા સાત ઈસમોને પોલીસે ઝડપી પાડયા હતા.

લાઠી તાલુકાનાં ઠાંસા ગામે રહેતા ભોળાભાઈ જેસાભાઈ કમેજાળીયા સહિતનાં સાત ઈસમો સુવાગઢથી જલાલપુર ગામ તરફ જવાના કાચા રસ્તા પર આવેલી ભોળાભાઈ જેસાભાઈ કમેજાળીયાની વાડીમાં ઓરડીના પાછળનાં ભાગે ખુલ્લી જગ્યામાં લાઈટનાં અજવાળે તીનપત્તીનો જુગાર રમી રહ્યા હતા.

અનુસંધાન પાના ૬ ઉપર

નલિયામાં ૧૧.૮ ડિગ્રી તાપમાન

રાજ્યમાં ઠંડીનો ચમકારો, ૧૧.૪ ડિગ્રી સાથે અમરેલી સૌથી ઠંડુ

હવામાન વિશ્લેષકોના જણાવ્યા મુજબ, ઠંડીના આ તીવ્ર રાઉન્ડ બાદ હવે વાતાવરણમાં ફરી ફેરફાર થવાની શક્યતા



અમદાવાદ, તા. ૨૧

છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યભરના નાગરિકોએ ઠંડા પવનોના કારણે તીવ્ર ઠંડીનો અનુભવ કર્યો છે, જેમાં ૧૧.૪ ડિગ્રી સાથે અમરેલી સૌથી ઠંડું શહેર રહ્યું છે. જોકે, સક્રિય થનારા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે આવતીકાલથી તાપમાનમાં ૨ થી ૪ ડિગ્રીનો વધારો થવાની સંભાવના છે.

ગુજરાત રાજ્યમાં છેલ્લા

અનુસંધાન પાના ૬ ઉપર







*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)